
## ઓગસ્ટમાસ -દિન વિશેષ

### રવિશંકર રાવળ



ગુજરાતમાં ભારતીય ચિત્રકલાની અસ્મિતા પ્રગટાવનાર કલાગુરૂ રવિશંકર રાવળનો જન્મ પહેલી ઓગસ્ટ ૧૮૯૨ના રોજ ભાવનગરના શેરડીપીઠના ડેલામાં થયો હતો. બચપણથી ચિત્રકલા પ્રત્યે એમણે વિશેષ રૂચી હતી. તેઓ મુંબઈની સર જે.જે.સ્કૂલ ઓફ આર્ટમાં પ્રવેશ મેળવ્યો. એક તરફ કલા વિદ્યાભ્યાસ અને સાથે સાથે કલાના ઇતિહાસમાં સાંપ્રત વહેણોના સંપર્કમાં રહ્યા. તેઓ છેલ્લા વર્ષમાં સુવર્ણચંદ્રક મેળવી કલાજગતમાં ખળભળાટ મચાવી દીધો. ઈ.સ.૧૯૧૯માં અમદાવાદ ખાતે પોતાનું ક્લાપ્રવૃતિઓનું કેન્દ્ર બનાવ્યું. કલાસર્જનની પ્રતિભા ઉપરાંત તેમના સચોટ અને રોચક લેખનશૈલી અને તલસ્પર્શી મીમાંસાશક્તિ હતી. આ કારણે કલા વિવેચન ઉપરાંત શિક્ષણ, સાહિત્ય અને સમાજ આડી જીવનને સ્પર્શતા વિવિધક્ષેત્રોમાં પોતાની વિચારણા અને દર્શન રજુ કર્યા. એમનું ગદ્ય પ્રાસાદિક હતું. રવિશંકર રાવલે ઈ.સ. ૧૯૨૪માં ગુજરાતની ઉગતી પેઢીને શિક્ષણ, કળા, વિશ્વના તમામ વિષયોને આવરી લેતું સામયિક ‘ કુમાર’ની શરૂઆત કરી. અજંતાના કલામંડપો’, ‘ કલાકારની સંસ્કારયાત્રા’, ‘ ક્લાસોપાન’, મુનશીની પાત્રસૃષ્ટિ તેમના મહત્વના પ્રદાન છે. ઈ.સ.૧૯૩૦માં ગુજરાતી સાહિત્યનો રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૩૭માં કરાંચી ખાતે કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે ભરાયેલા સાહિત્ય પરિષદના અધિવેશનના ક્લાવીભાગના પ્રમુખ તરીકે વરણી થઇ. ઈ.સ. ૧૯૬૫માં ભારત સરકારે પદ્મશ્રી એવોર્ડ એનાયત કર્યો. કેન્દ્ર સરકારની લલિતકલા અકાદમીના સ્થાપનાકાળથી સળંગ એક દાયકા સુધી તેના સભ્ય રહેલા. ઈ.સ. ૧૯૭૦માં અકાદમીએ તેમને ‘ ફેલો’ બનાવ્યા.તેમના ચિત્રોમાં સંયોજન અને ભારતીયનું મિશ્રણ છે. ચિત્રકાર અને કલાવિવેચક રવિશંકર રાવળ ૯ ડીસેમ્બર ૧૯૭૭ના રોજ તેમનો જીવનદીપ બુઝાયો. અને ક્લાયુગનો અંત આવ્યો.

### ડો. પ્રફુલ્લચંદ્ર રોય



ગાંધીવિચારધારથી રંગાયેલા ભારતના મહાન રસાયણશાસ્ત્રી ડો. પ્રફુલ્લચંદ્ર રોયનો જન્મ બીજી ઓગસ્ટ ૧૮૬૧ના રોજ પૂર્વ બંગાળના અત્યારે પાકિસ્તાનના રડોલી ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ હરિચંદ્ર રોય જે જુનવાણી વિચારો ધરાવતા હતા. પ્રાથમિક શિક્ષણ કલકતાની હેયર સ્કૂલમાં મેળવ્યું. પિતા પાસેના પુસ્તકોના ભંડારમાંથી રોયને મહાન વૈજ્ઞાનિક જેવા કે ન્યૂટન, ગેલીલિયો, બેન્જામીન ફ્રેન્કલીનના જીવનચરિત્ર વાંચી તેઓ ખૂબ જ પ્રભાવિત થયા.

ઈ.સ. ૧૮૮૨માં ડો. પ્રફુલ્લચંદ્ર રોય અખિલ ભારતીય ગીલકાસ્ટ સ્કોલરશીપ પરીક્ષા પાસ કરી ઉચ્ચ શિક્ષણ માટે યુરોપ જવાનો અવસર પ્રાપ્ત થયો. ઈ.સ. ૧૮૮૨માં અકાર્બનિક રસાયણ વિષય પર ડી.એસ.સી.ની ઉપાધી મેળવી હતી. તેઓ આ ઉપાધી મેળવનાર એડીનબરો વિશ્વ વિદ્યાલયના એકમાત્ર વિદ્યાર્થી હતા.ઈ.સ. ૧૮૮૯માં પ્રેસિડન્સી કોલેજ કલકતામાં સહાયક પ્રોફેસર તરીકે તેમની નિમણૂંક

થઇ. તેમણે ઈ.સ. ૧૮૯૬માં ‘ મરક્યુરસ નાઈટ્રેટ’ની મહાન શોધ કરી. પશુઓના હાડકા બાળીને મગજની તાકાત વધારનાર રાસાયણિક તત્વ ‘ ફોસ્ફેટ ઓફ કેલ્શિયમ’ નું નિર્માણ કર્યું. તેમણે ઈ.સ. ૧૯૦૨માં ‘ હિંદુ રસાયણશાસ્ત્રનો ઇતિહાસ’ ગ્રંથ પ્રગટ કર્યો.

ડો. પ્રફુલ્લચંદ્ર રોય ભારતીય સાચા લોકસેવક પણ હતા. સ્વદેશીના પ્રચાર અર્થે તેઓ ઉત્સાહથી કાર્ય કરતાં હતા. ઈ.સ. ૧૯૨૨માં ભયાનક દુષ્કાળમાં તેઓ શોધ કાર્ય છોડી દીન દુ:ખીયાઓને સહાય માટે તત્પર રહેતા. તેઓ માનવપ્રેમી અને દયાળુ હતા. ડો.પ્રફુલ્લચંદ્ર રોય ૧૪ જુન ૧૯૪૪ને શુક્રવારના રોજ ૬.૨૭ મિનિટે કલકત્તા વિશ્વ વિધાલય વિજ્ઞાન અને ટેકનીકલ કોલેજમાં અવસાન થયું. આવા મહાન ભારતીય રસાયણશાસ્ત્રીનું નામ સુવર્ણ અક્ષરે અંકાયેલું રહેશે.

## ત્રિભુવનદાસ ગજ્જર



“ જો હું વિજ્ઞાનશાસ્ત્ર ભણ્યો તો છું , પણ વ્યવહારમાં જો એ જ્ઞાન મને ઉપયોગી ન નીવડે તો શા કામનું ? વિજ્ઞાનને હું જાણું એટલું મારે માટે બસ નથી. એનો ઉપયોગ મારે માનવતાના હિત અર્થે કરવો જોઈએ. દેશમાં શાસ્ત્રીય જ્ઞાનથી ચાલતા કારખાનાની જરૂર નથી. કાચા માલમાંથી મોટાપાયે આ ચીજો કારખાનામાં તૈયાર કરવાની જરૂર છે. કોઈપણ ભોગે દેશનું ધન દેશમાં રહે તેમ કરવાની જરૂર છે. દેશમાં હુન્નરો ખીલવવામાં હું મારાં જ્ઞાનનો ઉપયોગ કરીશ.”- ત્રિભુવનદાસ ગજ્જર

ભારતના મહાન રસાયણશાસ્ત્રી એવા ગુજરાતી ત્રિભુવનદાસ ગજ્જરનો જન્મ ત્રીજી ઓગસ્ટ ૧૮૬૩ના રોજ સુથાર જ્ઞાતિમાં સુરત ખાતે થયો હતો. તેમના પિતાનું નામ કલ્યાણદાસ હતું તેઓ વૈશ્ય સુથાર અને મોટા શિલ્પી હતા. અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી હતા. માત્ર સોળ વર્ષની વયે તેઓ મેટ્રીકની પરીક્ષા પાસ કરી અને ઈ.સ. ૧૮૮૨માં તેઓ રસાયણશાસ્ત્ર વિષય સાથે બી.એસ.સી. પ્રથમ નંબરે પાસ કરી. ઈ.સ. ૧૮૮૪માં આ જ વિષય સાથે એમ.એસ.સી. પાસ થયા. દાદાભાઈ નવરોજીએ લખેલ પુસ્તક ‘ હિન્દની ગરીબાઈ’ શ્રી ત્રિભુવનદાસ ગજ્જર ઉપર ખૂબ જ અસર થઇ હતી. તેઓ કલાભવનના આચાર્ય તરીકે સેવા આપી. ત્યારબાદ મુંબઈની વિલ્સન કોલેજમાં રસાયણશાસ્ત્રના પ્રોફેસર તરીકે જોડાયા, તેમણે હુન્નર શાળાની પણ સ્થાપના કરી હતી.

પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરની મુખ્યત્વે પ્લેગની દવા ‘ આયોડીન ટરક્લોરાઈડ’ નામની દવા શોધી. મુંબઈમાં એસ્ટલેનેટ રોડ ઉપર મહારાણી વિક્ટોરીયાના બાવલા ઉપર કોઈએ છૂપી રીતે કાળો રંગ લગાડ્યો. આ રંગ દૂર કરવા માટે અનેક નિષ્ણાતોએ પ્રયત્નો કરવા છતાં તેમાં કોઈને પણ સફળતા મળી ન હતી. આખરે પ્રો. ત્રિભુવનદાસ ગજ્જર આ કામ હાથમાં લીધું અને તે રંગ દૂર કરવામાં સફળ થયા. આ કાર્યથી તેઓ ભારતના મહાન રસાયણશાસ્ત્રી તરીકે ખ્યાતિ પામ્યા. તેમણે રસાયણશાસ્ત્રનું કામ કરવા ઈ.સ.૧૮૯૯માં મુંબઈમાં ‘ ટેકનોકેમિકલ લેબોરેટરી’ની સ્થાપના કરી. આ પ્રયોગશાળાથી તેમને ખૂબ ખ્યાતિ મળી. નવા

યુવાનોને ઔદ્યોગિક શિક્ષણ આપી નવા ઉદ્યોગો ઉભા કરવા આ સંસ્થાનો હેતુ હતો. પશ્ચિમ ભારતમાં ફાર્માસ્યુંટીકલ , સાબુ અને કાચના ઉદ્યોગો શરૂ કર્યા. વડોદરામાં એલેમ્બિક કેમિકલ વર્કસ તેમની પ્રેરણા અને પુરુષાર્થનું પરિણામ છે. પ્રો. ત્રિભુવનદાસ ગજ્જરની ઉત્તરાવસ્થા કૂન્તાભારી હતી. ઈ.સ. ૧૯૧૦ પછી તેમની શારીરિક, માનસિક અને આર્થિક સ્થિતિ નબળી રહી હતી. ૧૬ જુલાઈ ૧૯૨૦ના રોજ તેમનો જીવનદીપ બૂઝાઈ ગયો.

## ફિરોઝશાહ મહેતા



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં મહત્વનું યોગદાન આપનાર ફિરોઝશાહ મહેતાનો જન્મ તા. ૪/૮/૧૮૪૫ના રોજ મુંબઈમાં પારસી પરિવારમાં થયો હતો. નાનપણથી ભણવામાં ખૂબ જ તેજસ્વી હતા. શાળા કોલેજનો અભ્યાસ પૂરો કરી ઈ.સ. ૧૮૬૪માં મુંબઈ યુનિવર્સિટીમાં બીએની ડીગ્રી મેળવી. તેઓ કોલેજના અઆચાર્ય એલેકઝાન્ડરના પ્રિય વિદ્યાર્થી હતા અને ઈંગ્લેન્ડમાં જવા માટે બેરોનેટ પરિવારની સ્કોલરશીપ માટે મદદ કરી. ઈ.સ. ૧૮૬૭માં બાર એટ્નોની પરીક્ષા પાસ કરી ત્યાં દાદાભાઈ નવરોજી, જમશેદજી કામા, બકરૂદ્દીન તૈયબજી જેવા દેશભક્તોનો પરિચય થયો. ભારત પાછા ફર્યા બાદ વકીલાતની પ્રેક્ટીસ કરી.તેઓ સફળ ધારાશાસ્ત્રી બન્યા. ઈ.સ. ૧૮૮૫માં મુંબઈ પ્રેસીડન્સી એસોશિયેશન ' ની સ્થાપનામાં તેમણે મહત્વનું યોગદાન આપ્યું હતું. ત્યારબાદ તેઓ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનને પોતાનું બહુમુલ્ય સેવાઓ આપી હતી. ભારતની રાષ્ટ્રીય કોંગ્રેસની સ્થાપનામાં તેમણે ખૂબ જ મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. મુંબઈના બેતાજ બાદશાહ ગણાતા અને સ્પષ્ટ વક્તા ફિરોજશાહ મહેતાની આગેવાની હેઠળ રાષ્ટ્રીય કોંગ્રેસની પ્રવૃતિઓ રાષ્ટ્રવ્યાપી બની. ઈ.સ. ૧૯૧૩માં તેમણે ' બોમ્બે ક્રોનિકલ'ની સ્થાપના કરી.

તેમને મુંબઈ કોર્પોરેશનની તેમણે કરેલી સેવાની કદરરૂપે તેમણે ' નાઈટ કમાન્ડર' બનાવી ' સર'નો ઈલકાબ આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત મુંબઈ પ્રાંતના રાજ્યપાલે તેમનું ' ડોક્ટર ઓફ લોઝ'ની માનાર્હ પડવી દ્વારા સન્માન કર્યું. ત્યારબાદ તેમની મુંબઈ યુનિવર્સિટીના ઉપકુલપતિ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. ભારતની આઝાદી માટે પોતાના જીવનની અંતિમ કશાનો સુધી ઝઝૂમતા રહ્યા હતા. ભારતને બંધારણની દ્રષ્ટીએ સ્વતંત્ર બનવાનું તેમનું સ્વપ્ન અધૂરૂં રહી ગયું અને ૫ નવેમ્બર ૧૯૧૫ના રોજ તેમનું અવસાન થયું. તેમણે સમાજના વિવિધ ક્ષેત્રે આપેલું યોગદાન અનન્ય છે. ભારતની રાષ્ટ્રીય કોંગ્રેસના ઘડવૈયા અને સ્વાતંત્ર્ય વીર સેનાની તરીકે તેમનું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયેલું રહેશે.

## નીલ આર્મસ્ટ્રોન્ગ




ચંદ્ર પર પગ મૂકનાર પ્રથમ માનવી નીલ આર્મસ્ટ્રોન્ગનો જન્મ પાંચમી ઓગસ્ટ ૧૯૩૦ના રોજ અમેરિકાના વાયાકોનેટ ઓહાયોમાં થયો હતો. તેમણે માત્ર ૧૬ વર્ષની વયે વિમાનચાલક તરીકેનું લાઈસન્સ મેળવ્યું અને બજા જ વર્ષે અમેરિકન નૌ-વાયુસેનાના કેનેડ બન્યા હતા. તેમણે પર્દ્દ

gnanbhandar.com

યુનિવર્સિટીમાં વૈજ્ઞાનિક ઇજનેરનો અભ્યાસ કરતાં હતા તે દરમ્યાન કોરિયન યુદ્ધમાં તેમણે સક્રિય ભાગ લીધો. ત્યારપછી તેઓ અમેરિકન અવકાશ સંસ્થા ' નાસા' માં જોડાયા. ઇ.સ. ૧૯૬૨માં અંતરિક્ષયાત્રા માટે તેમની પસંદગી થઈ. ૧૬ માર્ચ ૧૯૬૬ના રોજ ' જેમિની' નામનું સમાનવ અંતરિક્ષયાનમા અવકાશમાં જય બે યાનનું સફળતાપૂર્વક જોડાણ કર્યું હતું. ૨૧ જુલાઇ ૧૯૬૯માં તેમણે પ્રથમ માનવ તરીકે ચંદ્ર પર પગ મૂક્યો. અને આ ઉપલબ્ધિ ને કારણે ઇ.સ. ૧૯૯૭માં માનવરહિત અવકાશયાન ' પથફાઈન્ડર' મંગળના ગ્રહ પર પહોંચી પૃથ્વી પર મોકલેલી માહિતી ગણી શકાય. ૨૧ જુલાઇ ૧૯૬૯ના રોજ ચંદ્ર પર ઊતરતી વખતે તેમણે કહ્યું કે “ તે છે માણસનો નાનો પગલું, માનુષીજાતનો વિશાળ કૂદકો” આ મહાન અવકાશયાત્રીનું ૨૫ ઓગસ્ટ ૨૦૧૨ના રોજ અવસાન થયું હતું.

## તુલસીદાસ જી



ભગવાન રામના અનન્ય ભક્ત સંત તુલસીદાસનો જન્મ સંવત ૧૫૫૪માં શ્રાવણ સુદ સાતમના શુભ દિવસે ઉત્તરપ્રદેશના રાજાપુર ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ આત્મારામ દૂબે અને માતાનું નામ હુલસી હતું. નવજાત બાળક જન્મતાની સાથે જ ખડખડાટ હસતાં જ રામ..રામ..નું ઉચ્ચાર કરી રહ્યો હતો અને મુખમાં દાંતની બત્રીસી પણ આવી ગઈ હતી. બાળક જન્મતાંની સાથે જ 'રામ' ઉચ્ચારણ કર્યું હતું તેથી તેનું નામ રામબોલા રાખી લીધું. રામબોલા જન્મતા જ તેની માતા મૃત્યું પામી હતી. રામબોલા પાંચ વર્ષનો થયો ત્યારે તો તેની પાલકમાતા અને પિતાની છત્રછાયા ગુમાવી દીધી હતી. આથી તેઓ અનાથ થઇ ગયા હતા. તિરસ્કાર અને ઠોકરો ખાતો રામબોલા પંદર વર્ષનો થયો. ભીખ માગીને જે મળે તે ખાઈને જ્યાં ત્યાં પડ્યો રહેતો હતો. આ વાતની ખબર ચિત્રકૂટમાં રહેતા પરોપકારી સંત નરહરાનંદજીને પડી. તેઓ અનાથ રામબોલાને આશ્રમમાં લઇ ગયા. પુત્રની જેમ તેનું લાલનપાલન કર્યું.

પંદર વર્ષની વયે મહા સુદ પંચમીના દિવસે સરયૂ નદીના કિનારે રામ્બોલાની યજ્ઞોપવીત આપી રામનામ મંત્રની દીક્ષા સાથે તેનું નવું નામ તુલસી રાખવામાં આવ્યું. યજ્ઞોપવીતપછી તેઓ તુલસીદાસ ગુરૂ સાથે કાશીમાં રહ્યા અને પોતાના ગુરૂ નરહરાનંદજીના અવસાન પછી એમને કાશી છોડી દીધું હતું. તેમના લગ્ન દીનબંધુ પાઠકની કન્યા રત્નાવલી સાથે થયા. વધારે પડતા પત્નીપ્રેમને કારણે તેમને રત્નાવલીની ફિટકાર ' લાજ ન આઈ આપકો દૌરેઆએડું નામ' સાંભળવી પડી. અને આ ફીટકારથી તેમના પૂર્વ સંસ્કાર જાગ્રત થઇ ગયા. તેમણે પત્નીનો સાથ છોડી દીધો અને રામની ખોજમાટે નીકળી ગયા. ચિત્રકૂટના રામઘાટ પર ચંદન ઘસી રહ્યા હતા ત્યારે બે રાજકુમારો રામ અને લક્ષ્મણ બંને તેમના હાથે તિલક કરાવ્યું. રામના સાક્ષાત્કાર બાદ તુલસીદાસ ગંગાકિનારે સીતામઢી નામના સ્થળે રામાયણની કથા લખવાની શરૂ કરી. રામચરિતમાનસ લખતાં બે વર્ષ,

સાત મહિના અને છવ્વીસ દિવસ સમય લાગ્યો હતો. આ ઉપરાંત તેમણે 'કવિતાવલી, વિનય પત્રિકા , 'દોહાવલી', 'સીતાવલી' અને 'હનુમાનચાલીસા' જેવા ગ્રંથોની રચના કરી. આવા મહાન પરોપકારી સંત તુલસીદાસ એકસો છવ્વીસ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવી સંવત ૧૬૮૦માં શ્રાવણ સુદ સાતમ એટલે કે તેમના જન્મદિને જ ગંગાનદીના પવિત્ર અસીઘાટ પર

## ચંદ્રકાન્ત હરિશંકર મહેતા



ગુજરાતી કવિ, વાર્તાકાર, સંપાદકચંદ્રકાન્ત હરિશંકર મહેતા 'શશિન્' નો જન્મ તા. ૬/૮/૧૯૩૯ના રોજ અમદાવાદમાં થયો હતો.તેમનું મૂળ વતન સરોડા (જિ. અમદાવાદ) હતું. હિંદી વિષયમાં એમ.એ., પીએચ.ડી.અમદાવાદની નવગુજરાત આર્ટસ કૉલેજમાં હિંદીના અધ્યાપક તરીકે સેવા આપી. અત્યારે નવગુજરાત મલ્ટિકોર્સટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટના માનદનિયામક તરીકે સેવા આપે છે. .'ધીરે વહે છે ગીત' એમનો ગઝલઅને ગીતનો સંગ્રહ છે.'મન મધુવન' અને 'સ્વપ્નલોક' માંની વાર્તાઓમુખ્યત્વે પ્રણય અને દાંપત્યજીવન નિરૂપે છે.'સ્વાતંત્ર્યસેનાની યોગાનંદ' , 'ડૉ. આંબેડકર' એમની કિશોરોપયોગી ચરિત્રપુસ્તિકાઓ છે. તો'કેસરક્યારી' તથા 'નારી, તારાં નવલખ રૂપ'માં પ્રેરક પ્રસંગો છે. 'એક જ દે ચિનગારી' તથા 'અંતર્દ્વાર' એમનાં ચિંતનાત્મક લેખોનાં પુસ્તકો છે.'ગુજરાત સમાચાર'માંચાલતી એમની 'ગુફતેગો' કૉલમ નિમિત્તે 'ગુફતેગો-યુવાનો અને પરિણય' જેવાંકેટલાંક સાંસારિક બોધનાં પુસ્તકો મળ્યાં છે.'લોકકવિ મીર મુરાદ' એમનો મુસલમાન કવિ મુરાદના જીવન-કવનના અભ્યાસનો ગ્રંથ છે. મુરાદની અપ્રકાશિત કવિતાપણ આ ગ્રંથમાં 'મુરાદવાણી' શીર્ષક હેઠળ પ્રકાશિત થઈ છે. એમણે હિન્દીમાં પણ એકવિવેચનસંગ્રહ પ્રગટ કર્યો છે. આ ઉપરાંત પ્રાકૃત, હિન્દી અને ગુજરાતી કવિતાઓનાકેટલાક સંપાદનગ્રંથો પણ એમણે પ્રકાશિત કર્યા છે.

## ચંદ્રકાન્ત અમૃતલાલ ટોપીવાળા



ગુજરાતી કવિ અને વિવેચક ચંદ્રકાન્ત અમૃતલાલ ટોપીવાળાનો જન્મ તા. ૭/૮/૧૯૩૬ના રોજ વડોદરામાં થયો હતો. ઈ.સ. ૧૯૫૮માં મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથી ગુજરાતી વિષય સાથે બી.એ પાસ કરી ઈ.સ.૧૯૬૦ માં એમ.એ.અને ઈ.સ.૧૯૮૨માં ગુજરાત યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ણી ઉપાધી મેળવી હતી. ઈ.સ. ૧૯૬૧ થી ૧૯૬૫ દરમ્યાન પોરબંદરની કે. એચ.માધવાણી કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામગીરી કરી હતી.ઈ.સ.૧૯૬૫ માં ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકેદાહોદની નવજીવન આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજમાં જોડાયા. ત્યારપછી તેઓ ઈ.સ.૧૯૭૧ થી ૧૯૮૪ સુધી એ જ કૉલેજનાઆચાર્ય થયા. ઈ.સ.૧૯૮૪ થી અમદાવાદમાં ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત ક.લા.સ્વાધ્યાય મંદિરનાનિયામક તરીકે સેવા આપી. ઈ.સ.૧૯૮૭માં જર્મની, બેલ્જિયમ, ફ્રાન્સ, સ્વિટ્ઝર્લેન્ડ વગેરે દેશોનોયુરોપ-પ્રવાસનો કર્યો.એમનો પ્રથમ કાવ્યસંગ્રહ

‘મહેરામણ’ છે. તેમણે ‘કાન્ત તારી રાણી’,‘પક્ષીતીર્થ’ અને ‘બ્લેક ફૉરેસ્ટ’ કાવ્યસંગ્રહ છે. ‘આધુનિક સાહિત્ય સંજ્ઞા કોશ’ (અન્ય સાથે, ૧૯૮૬), ‘વિશિષ્ટ સાહિત્ય સંજ્ઞા કોશ’ (૧૯૮૮) પણ એમણે આપ્યા છે.‘મૈથિલી સાહિત્યનો ઇતિહાસ’ (૧૯૮૭) અનુવાદગ્રંથ પણ એમના નામે છે.

## અમૃતલાલ ભગવાનજી યાજ્ઞિક



ગુજરાતી વિવેચક, ચરિત્રકાર, નિબંધકાર, સંપાદક અને અનુવાદક અમૃતલાલ ભગવાનજી યાજ્ઞિકનો જન્મ તા. ૮/૮/૧૯૧૩ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રામાં થયો હતો. તેમણે પ્રાથમિકથી મૅટ્રિક સુધીનોઅભ્યાસ ધ્રાંગધ્રાંમાં મેળવ્યું. ઈ.સ.૧૯૩૬માં શામળદાસ કૉલેજમાંથી ગુજરાતી-અંગ્રેજી વિષયો સાથેબી.એ અને ઈ.સ.૧૯૩૯માં એમ.એ.ની ડીગ્રી મેળવી હતી. ઈ.સ. ૧૯૩૯-૪૦માં રામનારાયણ રુઈયા કૉલેજમાંખંડસમયના વ્યાખ્યાતા તરીકે નીમાયા. ઈ.સ.૧૯૪૦ થી ૧૯૬૦ સુધી ત્યાં જ ગુજરાતીના મુખ્ય અધ્યાપક બન્યા ત્યારપછી તેઓ ઈ.સ.૧૯૬૦-૬૧માં કે. જે. સોમૈયા કૉલેજ, ઘાટકોપરના સ્થાપક આચાર્ય તરીકે નિમણૂંક થઇ. ઈ.સ.૧૯૬૧ થી ૧૯૭૮ સુધીમીઠીબાઈ કૉલેજ ઑવ આર્ટ્સ ઍન્ડ સાયન્સ, વિલેપાર્લેના આચાર્ય તરીકે સેવા આપી..ગુજરાતી ગ્રંથકાર શ્રેણીનાં એમનાં પુસ્તકો ‘કિશોરલાલ મશરૂવાલા’ અને ‘ગુલાબદાસ બ્રોકર’ છે. ‘જગગંગાનાં વહેતાં નીર’, શિક્ષણ-સમાજ-વિષયક ‘આત્મગંગોત્રીનાં પુનિત જલ’), ‘જાગીને જોઉંતો’, ‘સમાજગંગાનાં વહેણો’, ‘કુટુંબજીવનનાં રેખાચિત્રો’, ‘વિદ્યાસૃષ્ટિના પ્રાંગણમાં’ ચિંતનાત્મક નિબંધોછે.તો ‘લોકસાહિત્યનું સમાલોચન’ , ‘ગુજરાતનમાં ગાંધીયુગ : ઐતિહાસિક અનેસાહિત્યિક અવલોકન’ એમનાં સંપાદનો પુસ્તકો છે.

## ડૉ. શિયાલી રામામૃત રંગનાથન



પુસ્તક વર્ગીકરણની ‘ કોલમ પદ્ધતિ’નું નિર્માણ કરનાર અને પાછળથી સંશોધન કરીને વિસ્તૃત વર્ગીકરણની આગવી પધ્ધતીના પ્રણેતા ડૉ. શિયાલી રામામૃત રંગનાથનનો જન્મ તા. ૯/૮/૧૮૯૨ના રોજ તમિલનાડુંના તાંજોર જીલ્લાના શિયાલી ગામમાં થયો હતો. માત્ર છ વર્ષની નાની વયે પિતાનું અવસાન થયું. તેઓ ઈ.સ.૧૯૧૬માં ગણિત વિષય સાથે એમ.એ. અને ઈ.સ. ૧૯૧૭માં શીક્ષન્શાસ્ત્રની એલ.ટી ની પદવી મેળવી હતી. અંગ્રેજી , ગણિત અને સંસ્કૃત એમના પ્રિય વિષયો હતા. ઈ.સ. ૧૯૧૭માં કોલેજમાં ગણિતના પ્રાધ્યાપક બન્યા. ઈ.સ. ૧૯૨૪માં મદ્રાસ યુનિવર્સિટીમાં લાયબ્રેરીયન બન્યા. ત્યારપછી ઇંગ્લેન્ડમાં જઈ લંડનની ‘ સ્કૂલ ઓફ લાયબ્રેરીયનશીપ’માં એક વર્ષની તાલીમ લીધી. મદ્રાસ પરત આવી પોતાની આગવી ‘ કોલન પધ્ધતિ’ અનુસાર પુસ્તકોનું વર્ગીકરણ કર્યું. ઈ.સ. ૧૯૬૫માં ભારત સરકારે તેમને ‘ નેશનલ પ્રોફેસર ઓવ લાયબ્રેરી સાયન્સ તરીકે નીમ્યા. ભારતમાં લાયબ્રેરી યુગના નિર્માતા તથા પુસ્તકાલય પ્રવૃત્તિના પિતામહ ગણાય છે. તેમણે લાયબ્રેરી અંશીપ’ ને સ્થાને ‘ લાયબ્રેરી સાયન્સ’ની સ્થાપના કરી. પુસ્તક વર્ગીકરણની આગવી પધ્ધતીના શોધક- આયોજક તરીકેની તેમની પ્રશાન્નીય કામગીરી બદલ ઈ.સ. ૧૯૪૮માં દિલ્લી યુનિવર્સિટીએ તેમને ડોકટર ઓફ લિટરેચર ની માંડ પડવી આપવામાં આવી છે. ઈ.સ. ૧૯૫૬માં ભારત સરકારે પદ્મશ્રી ખિતાબ અર્પણ કર્યો.


ઈ.સ. ૧૯૫૭માં અમેરિકાની પિટર્સબર્ગ યુનિવર્સિટીએ તેમને ડી. લીટની ઉપાધી આપીને તેમના કાર્યને બિરદાવ્યું. ' યુનેસ્કો'ની લાયબ્રેરી કમિટીમાં એક નિષ્ણાંત તરીકે નિમણૂંક કરવામાં આવી. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના પણ લાયબ્રેરી સાયન્સના અભ્યાસક્રમની કમિટીના પ્રમુખ તરીકે સેવા આપી. ઈ.સ. ૧૯૬૨માં તેમણે બેંગ્લોરમાં ' ડોક્યુમેન્ટેશનરીસર્ચ એન્ડ ટ્રેનિંગ સેન્ટર' નામની લાયબ્રેરી સુધી તેનું સંચાલન કર્યું. તેમનું ૨૭ સપ્ટેમ્બર ૧૯૭૨ના રોજ અવસાન થયું. લાયબ્રેરી સાયન્સના ક્ષેત્રે આંતર રાષ્ટ્રીય ખ્યાતી ધરાવનાર વિભૂતિ હતા.

## રણછોડભાઈ ઉદયરામદવે



ગુજરાતી નાટકના પિતા તરીકે ઓળખતા રણછોડભાઈ ઉદયરામદવેનો જન્મ તા. ૯/૮/૧૮૩૭ના રોજ ખેડા જિલ્લાના મહુધામાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ મહુધામાં લીધું. ઈ.સ.૧૮૫૭માં અમદાવાદમાં 'લૉ કલાસ'માં દાખલથયા. અને ઈ.સ.૧૮૬૩માં અમદાવાદના અગ્રણીવેપારી બહેચરદાસ અંબાઈદાસની વતી મેસર્સ લોરેન્સની કંપનીમાં જોડાવા મુંબઈ ગયા.મુંબઈમાં જ ગોંડલ, પાલનપુર અને ઈડર રાજ્યના મુંબઈ ખાતેના પ્રતિનિધિ તરીકેનીકામગીરી કરી. ઈ.સ. ૧૮૮૪માંકચ્છનરેશ મહારાજાધિરાજ મહારાવ શ્રી ૭ ખેંગારજી સવાઈ બહાદુરે પહેલાં 'હુઝૂરઆસિસ્ટન્ટ' નું માનપદ મળ્યું ત્યારપછી પ્રધાનપદ પણ મેળવ્યું. ઈ.સ.૧૯૦૪ માં તેઓ નિવૃત્ત થયા. ઈ.સ.૧૯૧૨માં વડોદરામાં ભરાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી થઇ. ઈ.સ.૧૯૧૫માં બ્રિટિશ સરકારે દીવાનબહાદુરનો ઈલ્કાબ આપ્યો. ત્રિદોષના હુમલાથી ટૂંકી માંદગી બાદ મુંબઈમાં અવસાન.નાટ્યકલાનીદ્રષ્ટિએ એમનાં નાટકો ઊંચી કક્ષાનાં નથી, પરંતુ ગુજરાતી નાટકની સ્થાપનામાં એમનુંઐતિહાસિક મૂલ્ય છે. એમનાં નાટકો સામાજિક અને પૌરાણિક વિષયને લઈને ચાલે છે. 'જયકુમારીવિજય નાટક', 'લલિતાદુઃખદર્શક નાટક' , 'તારામતીસ્વયંવર' , 'હરિશ્ચંદ્ર' , 'પ્રેમરાય અને ચારુમતી','બાણાસુર મદમર્દન' , 'મદાલસા અને ઋતુધ્વજ' , 'નળદમયંતી નાટક' વગેરે એમનાં સ્વતંત્ર નાટકો છે.છંદનુંશાસ્ત્રીય બંધારણ ને તુલનાત્મક અભ્યાસ આપતો ગ્રંથ 'રણપિંગળ'- ભા.૧, ૨, ૩ પ્રગટ કર્યું છે.એમણે 'આરોગ્યતાસૂચક' , 'કુલ વિશેનિબંધ' , અને 'નાટ્યપ્રકાશ' નિબંધગ્રંથો આપ્યા છે; તેમનું અવસાન ૯ એપ્રિલ ૧૯૨૩ના રોજ થયું હતું.

## સુંદરજી ગોકળદાસ બેટાઈ




ગુજરાતી કવિ તથા વિવેચક સુંદરજી ગોકળદાસ બેટાઈનો જન્મ તા. ૧૦/૮/૧૯૦૫ન રોજ તેમના જામનગર જિલ્લાના બેટ-દ્વારકામાં થયો હતો.તેમણે ઈ.સ.૧૯૨૮માં અંગ્રેજી-ગુજરાતીવિષયો સાથે મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. પાસ કરી ઈ.સ.૧૯૩૨માં

gnanbhandar.com

એલએલ.બી.થયા.ઈ.સ.૧૯૩૬માંગુજરાતી-સંસ્કૃત વિષયોમાં એમ.એ.ની ડીગ્રી મેળવી હતી તેઓ મુંબઈનીએસ. એન. ડી. ટી. વિમેન્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે સેવા આપી હતી. નર્મદ સુવર્ણચંદ્રક વિજેતા. તેમનું ૧૬ જાન્યુઆરી ૧૯૮૯ના રોજ મુંબઈમાં અવસાન.તેમણે 'દ્વૈપાયન' અને ' મિત્રાવરૂણ' ઉપનામથી ગુજરાતી સાહિત્યસર્જન કર્યું છે. 'ઇન્દ્રધનુ' , 'વિશેષાંજલિ' , 'સદગતચંદ્રશીલાને' ,'તુલસીદલ', 'વ્યંજના' , 'અનુવ્યંજના' , 'શિશિરે વસંત' અને 'શ્રાવણીની ઝરમર' એ એમના કાવ્યસંગ્રહો છે.પૂર્વે પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યમાં સૉનેટ' ને સમાવતા વિવેચનસંગ્રહ 'સુવર્ણમેઘ' માં ન્હાનાલાલ, બ. ક. ઠાકોર અનેમેઘાણીની કવિતાનું તટસ્થ નિરીક્ષણ કરતા સમદ્રષ્ટિવાળા ધ્યાનપાત્ર લેખો છે. 'આમોદ' માં 'ગુજરાતી કવિતામાં અનુષ્ટુપ' જેવા મહત્વના લેખ ઉપરાંત સંસ્કૃત અનેગુજરાતી કવિઓ અને તેમની કવિતા વિશેના લેખો છે.'નરસિંહરાવ' નરસિંહરાવના વાડમય પુરુષાર્થની ઝાંખી કરાવતી પુસ્તિકા છે. કવિ તથા કવિતા તરફ જોવાની સમદ્રષ્ટિ એમના વિવેચનનો લાક્ષણિક ગુણ છે.'સાહિત્યમાધુરી', 'સાહિત્યોદ્યાન' અને 'સાહિત્યસુષમા' એ એમનાં શાળોપયોગી સંપાદનો છે.'જ્યોતિ રેખા'એ સુન્દરજી બેટાઈનોખંડકાવ્યસંગ્રહ છે.


## ખુદીરામ બોઝ- ૧૧ ઓગસ્ટ પૂણ્યતિથી




ભારતની આઝાદી માટે માત્ર ૧૯ વર્ષની વયે શાહિદ થનાર મહાન ભારતીય ક્રાંતિકારી ખુદીરામ બોઝની આજે પૂણ્યતિથી છે. તેમનો જન્મ ત્રીજી ડિસેમ્બર ૧૮૮૯ના રોજ પશ્ચિમ બંગાળના મિદનાપુર જિલ્લાના મોહોબની ગામમાં થયો હતો. તેમના પિતા ત્રૈલોકનાથ મારજોલ રાજાની જાગીરમાં મહેસૂલ અધિકારી હતા. ખુદીરામ ત્રણ બહેનો બાદ તેમના પરિવારની ચોથું સંતાન હતા. માતાનું નામ લક્ષ્મીપ્રિયા દેવી હતું. માત્ર છ વર્ષની નાની વયે માતાનું અને એક વર્ષ બાદ પિતાનું અવસાન થતાં આ પરિસ્થિતીમાં તેમનો ઉછેર મોટી બહેન અપરૂપા રોય કર્યો હતો. પ્રાથમિક શિક્ષણ હેમિલ્ટન હાઈસ્કૂલમાં મેળવ્યું હતું. ૧૫ વર્ષની વયે અનુશીલન સમિતિમાં જોડાયા અને તેમનો પરિચય બીરેન્દ્રકુમાર ઘોષ સાથે થયો. ૧૯૦૬માં મિદનાપુરમાં એક કૃષિ અને ઔદ્યોગિક પ્રદર્શનમાં બાંગલા પત્રિકા વહેંચણીના ગુનામાં ધરપકડ થઈ પરંતુ તેઓ નિર્દોષ છૂટ્યા. ૧૬ વર્ષની વયે તેમણે પોલીસ સ્ટેશનો પાસે બોમ્બ ફેંકવામાં ભાગ લઈ સરકારી અધિકારીઓને નિશાન બનાવ્યા. ૬ ડિસેમ્બર ૧૯૦૭ના રોજ બંગાળના ગવર્નરની વિશેષ ટ્રેન પર હુમલો કર્યો. ૧૯૦૮માં બે અંગ્રેજ અધિકારીઓએ વોટસન અને બેમ્ફિલ્ડ પર બોમ્બથી હુમલો કર્યો. તેમણે ન્યાયાધીશ કિંગ્સફોર્ડની હત્યા કરવાની યોજના બનાવીને પરિણામે એક બોમ્બ

વિસ્ફોટમાં કિંગ્સફોર્ડ અને તેમની પત્ની અને પુત્રીનું અવસાન થયું. મેજિસ્ટ્રેટ સમક્ષ તેમણે પોતાના ગુનાની કબૂલાત કરતાં ૧૧ ઓગસ્ટ ૧૯૦૮ના રોજ તેમને ફાંસી આપવામાં આવી.

## ડો. વિક્રમ અંબાલાલ સારાભાઈ




ભારતીય અવકાશ સંશોધનના પિતા અને પરમાણુ યુગના પુરસ્કર્તા વિજ્ઞાની ડો. વિક્રમ અંબાલાલ સારાભાઈનો જન્મ ૧૨ ઓગસ્ટ ૧૯૧૯ના રોજ અમદાવાદમાં થયો હતો. શરૂઆતનું શિક્ષણ ' ફેમીલી સ્કૂલ'માં અભ્યાસ કર્યો હતો. ત્યારબાદ કેમ્બ્રિજ સેન્ટ જ્હોન કોલેજમાં જોડાયા હતા. ઈ.સ.૧૯૪૦મ ગણિત અને ભૌતિકશાસ્ત્રના વિષયોમાં તેમણે સ્નાતકની ઉપાધી મેળવી હતી. નોબલ પારિતોષિક વિજ્ઞાની ડો. સી.વિ.રામન્ના માર્ગદર્શન હેઠળ અનુંભૌતિક વિજ્ઞાનક્ષેત્રે સંશોધન કરી ઈ.સ. ૧૯૪૭માં તેમણે ડોક્ટરેટની પદવી મેળવી હતી. કોસ્મિક કિરણોના પ્રસરણ અંગેના પ્રિય વિષયોમાં તેઓ સ્કોલર હતા. તેમણે ભારતભરમાં સંશોધનકેન્દ્રો સ્થાપી અનેક સંશોધનની પ્રેરણા આપી. તેમના આ મહત્વના યોગદાન બદલ ઈ.સ. ૧૯૬૨માં ડો. શાંતિસ્વરૂપ ભટનાગર મેમોરીયલ એવોર્ડ તથા ઈ.સ.૧૯૬૬માં પદ્મભૂષણ પણ એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૪૭માં અમદાવાદની ફીઝીકલ રિસર્ચ લેબોરેટરી (પીઆરએલ) ની સ્થાપના કરવામાં તેમની મહત્વની કામગીરી કરી હતી. આ સંસ્થાના તથા અટીરા સંસ્થાના તેઓ ડિરેક્ટર હતા. કાપડના આધુનીકર માટે તેમણે અમદાવાદમાં અટીરા (અમદાવાદ ટેક્ષ્ટાઈલ ઇન્સ્ટીઝ રીસર્ચ એસોસિયેશન )ની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૯૬૩માં યુ.એન.ઓ.ના સહકારથી થુમ્બા ખાતે રોકેટ છોડવાનું મથક સ્થાપ્યું. ઈ.સ. ૧૯૬૧માં ઇન્ડિયન સ્પેશ રીસર્ચ ઓર્ગેનિઝેશન ( ઇસરો)ની સ્થાપના કરી.ઈ.સ. ૧૯૬૧નાતેઓ ભારતના અણું ઉર્જાપન્ચના તેઓ અધ્યક્ષ બન્યા. ભારતના ભુતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.અબ્દુલ કલામે કહ્યું હતું કે મારે સારાભાઈ સાથે કામ કરવું મને સદભાગ્ય હતું.

ડો. વિક્રમ સારાભાઈ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા. ' યુવાનો શોધો તેમણે જવાબદારી આપો અને લક્ષ્ય પર પહોચવા તેને મદદ કરો' આ તેમનો જીવનમંત્ર હતો. તેઓ શિક્ષણ, કલા, ઉદ્યોગ તથા મેનેજમેન્ટક્ષેત્રે પણ ખૂબ પ્રવૃત હતા. ૮ ડીસેમ્બર ૧૯૭૧ના રોજ ત્રિવેન્દ્રમ થી ૧૨ કિલોમીટર દૂર કોવાલામની હોટલમાં નિદ્રા દરમ્યાન જ તેમનું અવસાન થયું. ભારત સરકારે ઈ.સ. ૧૯૭૨માં મરણોત્તર 'પદ્મ વિભૂષણ'નો ખિતાબ આપી બહુમાન કાર્ય હતું. ઇન્ડિયન નેશનલ કમિટી ફોર સ્પેશ રિસર્ચના પ્રથમ ચેરમેન તરીકે સેવા આપી હતી.

## ચુનીલાલ કાળિદાસમડિયા



ગુજરાતી નવલકથાકાર, નવલિકાકાર , નાટ્યકાર, વિવેચક, કવિ. ચુનીલાલ કાળિદાસ મડિયાનો જન્મ ૧૨મી ઓગસ્ટ ૧૯૨૨ના રોજ રાજકોટ જીલ્લાના ધોરાજીમાં થયો હતો. ઈ.સ.૧૯૩૯માં મેટ્રિક અને ઈ.સ. ૧૯૪૫માં મુંબઈની સિડનહામ કૉલેજમાંથી બી.કૉમ.ની પરીક્ષા પાસ કરી. ઈ.સ.૧૯૪૬માં 'જન્મભૂમિ'તંત્રી તરીકે કામગીરી કરી

હતી. ઈ.સ. ૧૯૫૦માં 'યુસીસ', મુંબઈના ગુજરાતી વિભાગમાં પ્રાધ્યાપક તરીકે જોડાયા.ઈ.સ. ૧૯૬૬ થી 'રુચિ' સાહિત્યિક સામયિકનું પ્રકાશન કર્યું. તેમણે 'અખો રૂપેરો', 'કુલેન્દ્ર', 'વક્રગતિ', 'વિરંચી'ના ઉપનામથી ગુજરાતી સાહિત્ય ખેડાણ કર્યું. ઈ.સ. ૧૯૫૭નો રણજિતરામ સુવર્ણચંદ્રક અને નર્મદ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે.


તેમણે 'પાવકજવાળા' , 'વ્યાજનો વારસ', 'ઈંધણ ઓછાંપડ્યાં', 'વેળા વેળાની છાંયડી' , 'લીલુડી ધરતી'- ભા. ૧-૨, 'પ્રીતવછોયાં','શેવાળનાં શતદલ', 'કુમકુમ અને આશકા', 'સધરાજેસંગનો સાળો'- ભા. ૧-૨, 'ગ્રહાષ્ટક વત્તા એક', 'ઇન્દ્રધનુનો આઠમોરંગ', 'ધધરાના સાળાનો સાળો' અને 'આલા ધાધલનું ઝીંઝાવદર'વગેરેએમની નવલકથાઓ છે. તો 'ધૂધવતાં પૂર' , 'શરણાઈના સૂર', 'ગામડું બોલે છે' 'પદ્મજા', 'ચંપો અને કેળ', 'તેજ અને તિમિર', 'રૂપ-અરૂપ','અંતઃસ્ત્રોતા', 'જેકબ સર્કલ સાત રસ્તા', 'ક્ષણાર્ધ','ક્ષત-વિક્ષત'એએમના નવલિકાસંગ્રહો છે. ૯ ડીસેમ્બર ૧૯૬૮ના રોજ હૃદયરોગથીઅમદાવાદમાં અવસાન થયું.

## જ્હોન લોગી બાયર્ડ



ટેલીવિઝનની શોધ કરનાર મહાન વૈજ્ઞાનિક જ્હોન લોગી બાયર્ડનો જન્મ તા. ૧૩/૮/૧૮૮૮ના રોજ સ્કોટલેન્ડમાં આવેલા હેલ્સંબર્ગ નામના ગામમાં થયો હતો. તેમના પિતા એક શિક્ષિત પાદરી હતા. બચપણથી ફોટોગ્રાફીનો શોખ હતો. ફોટોગ્રાફીમાં રસ સ્કૂલના ફોટોગ્રાફી ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. ૧૨ વર્ષની નાનીવયે બાયર્ડ પોતાના મિત્રોની મદદથી ટેલીવિઝન લાઈન તૈયાર કરી હતી. ગણિત અને વિજ્ઞાન તેમના પ્રિય વિષયો હતા. તેમણે ગ્લાસગોમાં રોયલ ટેકનીકલ કોલેજમાં ઈલેક્ટ્રીકલ એન્જીનિયરીંગના સ્નાતક બન્યા. ઈ.સ. ૧૯૨૬માં રોયલ ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સ લંડનના સભ્યો સમક્ષ ટેલીવીઝનની શોધનો પ્રયોગ કરી બતાવ્યો. વર્ષ ૧૯૨૭માં અંધારામાં દ્રશ્ય જોઈ શકાય એટલા માટે ' નોક્ટોવાઈઝર' બનાવ્યું. આ સાધનનો ઉપયોગ કરીને ઈ.સ. ૧૯૨૮માં ઈંગ્લેન્ડનું એક દ્રશ્ય મધ્ય એટલાન્ટીકમાં આવેલા બેરાનગેરીયામાં બનાવ્યું. ઈ.સ. ૧૯૨૯માં જર્મન પોસ્ટ ઓફિસે અખતરા કરવાની તેને સંપૂર્ણ સગવડ આપી. ટેલિવિઝનના મહાન શોધક જ્હોન લોગી બાયર્ડ ૧૪ જુન ૧૯૪૬ના રોજ ઈંગ્લેન્ડના દરિયા કિનારે આવેલા બેકસહિલ ખાતે ૫૮ વર્ષની વયે અવસાન થયું.


## શ્રી અરવિંદ ઘોષ



" હું જન્મભૂમિને મા માનું છું. તેની ભક્તિ કરૂં છું, પૂજા કરૂ છું. પોતાની માતાની દુર્દશા જોઈને કયો પુત્ર સ્વસ્થ રહી શકે? તેના ઉદ્ધાર માટે તે પ્રયાસ નહી કરે ? આ પતિત રાષ્ટ્રનો ઉદ્ધાર કરવાની શક્તિ મારામાં છે એમ હું માનું છું. એ શક્તિ નહી,પણ જ્ઞાનશક્તિ છે....ઈશ્વરે જ મારૂ એવું ભાગ્ય નિર્માણ કર્યું છે. માણે ચૌદમા વર્ષથી અંતઃસ્ફૂરણા થતી રહી છે.

રાષ્ટ્રવાદી યુગપુરૂષ શ્રી અરવિંદ ઘોષનો જન્મ તા.૧૫/૮/૧૮૭૨ના રોજ કલકત્તામાં આવેલ હુગલી જીલ્લાના કૌન્તવારમાં સવારે ૪.૩૦ કલાકે થયો હતો. પિતાનું નામ ડો.કૃષ્ણધન અને માતાનું નામ સ્વર્ણલતા હતું. તેમના પિતા એમ.ડી. થઇ સિવિલ સર્જન તરીકે સેવા આપતા હતા. પાંચ વર્ષની વયે શ્રી અરવિંદ દાર્જીલિંગની અંગ્રેજી મીડીયમ સ્કૂલમાં પ્રવેશ મેળવ્યો. સાત વર્ષની વયે પિતાએ અભ્યાસ અર્થે ઇંગ્લેન્ડ મોકલ્યા.ત્યાં ૧૩ વર્ષ અભ્યાસ કરી ઈ.સ. ૧૮૯૦માં એ જમાનાની પ્રતિષ્ઠિત ગણાતી આઈ.સી.એસ.ની ઉચ્ચ પરીક્ષા પાસ કરી.જો કે તેમનો અંતરાત્મા ગુલામીના પ્રતિક્ સમી એ ડીગ્રી માટે ડંખતો રહ્યો. અને તેમણે એ ડીગ્રી ફગાવી દીધી. આમ તેમના જીવનના પાયામાં વિદેશી ભાષા અને રીતભાતનો પ્રચંડ પ્રભાવ રહ્યો હોવા છતાં શ્રી અરવિંદ સંપૂર્ણપણેભારતીય સંસ્કૃતિના રંગે રંગાયેલા હતા. વડોદરામાં અંગ્રેજી અને ફ્રેંચ ભાષાના પ્રોફેસર તરીકે જોડાયા. ઈ.સ.૧૮૯૩ થી ૧૯૦૩ સુધીનો સમય વડોદરાના ગાયકવાડની સેવામાં ગાળ્યા હતા. ઈ.સ. ૧૯૧૦માં તેઓ ફ્રાન્સના તાબા હેઠળના પોંડિચેરીમાં ગયા. તેમણે ત્યાં જઈને રાજકારણ શાથેનો છેડો ફાડી નાખ્યો. ઈ.સ. ૧૯૧૪માં તેમણે 'આર્ય' નામનું માસિક શરૂ કર્યું. ઈ.સ. ૧૯૦૪માં કોલેજમાં વાઈસ પ્રિન્સિપાલ થયા. ઈ.સ. ૧૯૦૪માં યોગની સાધના શરૂ કરી. વિષ્ણુ ભાસ્કર લેલે નામના યોગી પાસેથી વિદ્યા શીખ્યા.ઈ.સ. ૧૯૦૬માં તે સમયના વાઈસરોય લોર્ડ કર્ઝન બંગાળના બે ભાગલા પાડ્યા. સમગ્ર દેશમાં બંગભંગ સામે આંદોલન શરૂ કર્યું. તેમાં શ્રી અરવિંદ સક્રિય ભાગ લીધો.વડોદરાની નોકરી છોડી નેશનલ કોલેજ કલકત્તામાં આચાર્ય તરીકે જોડાયા. ' વંદે માતરમ' નામના પેપરના તંત્રી તરીકે સેવા આપી હતી. અંગ્રેજી સરકાર સામે આગ ઝરતા લેખો લખ્યા. શ્રી અરવિંદ અંગ્રેજીમાં કર્મયોગી' અને બંગાળીમાં ' ધર્મ' એમ બે સાપ્તાહિકની શરૂઆત કરી. શ્રી અરવિંદ કહેતા હતા કે આધ્યાત્મિક વિકાસ માટેની ભૂમિ મન છે અને માનવીના મનની એક નિશ્ચિત મર્યાદા હોય છે. ઈ.સ. ૧૯૦૩માં શ્રી અરવિંદ કાશ્મીરના શંકરાચાર્ય પર્વત ઉપર દર્શન કરવા ગયા ત્યારે તેમણે પોતે નિ:સીમ શૂન્યવિહાર કરતાં હોવાનો ભાવ અનુભવ્યો હતો. આ સિદ્ધિ પ્રાપ્ત થયા પછી તેઓ સંપૂર્ણપણે એકાંતમાં સાધનામાં લાગી ગયા. અંતરાત્માના અવાજથી પ્રેરાઈને ઈ.સ. ૧૯૧૦થી મહર્ષિ શ્રી અરવિંદ પોંડેચેરીમાં સ્થાયી થયા. આધુનિક ભારતના આ મહાયોગી અને પૂર્ણ યોગના પ્રણેતા શ્રી અરવિંદઘોષનું ૨ ડીસેમ્બર ૧૯૫૦ના રોજ અવસાન થયું.


## મદનલાલ ઢીંગરા- ૧૭ ઓગસ્ટ – પૂણ્યતિથી




ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં ક્રાંતિકારી મદનલાલ ઢીંગરાની આજે પૂણ્યતિથિ છે. મદનલાલ ઢીંગરાનો જન્મ ૧૮ ફેબ્રુઆરીએ ૧૮૮૩ના રોજ પંજાબના અમૃતસરમાં શિક્ષિત અને સુખી હિન્દુ પરિવારમાં થયો હતો. પિતાનું નામ ડૉ. ગીતામલ ઢીંગરા અને તેઓ સિવિલ સર્જન હતા.

મદનલાલ એમ્બી ઇન્ટરમીડિયાત કોલેજ અમૃતસરમાં અભ્યાસ કર્યો ત્યારબાદ ગવર્મેન્ટ કોલેજ યુનિવર્સિટીમાં અભ્યાસ અર્થે લાહોર ગયા અહી તેઓ રાશ્ત્રવાડી આંદોલનથી પ્રભાવિત થયા.૧૯૦૪માં ઢીંગરાએ અનુસનાતકના અભ્યાસ દરમ્યાન ઈંગ્લેડથી આયાત કરેલા કાપડના બ્લેઝર પહેરવાના આચાર્યનાં આદેશ સામે આંદોલનનું પ્રતિનિધિત્વ કર્યું. જેના પરિણામે કોલેજમાંથી તેમની હકાલપટ્ટી થઈ. ત્યારબાદ સિમલામાં ઘોડાગાડી ચલાવવાનું કામ કરતી એક પેઢીમાં કલાર્ક તરીકે જોડાયા. નોકરીમાં અવિવેક બદલ બરતરફ કરવામાં આવ્યા. પરિવારની ઇચ્છાને માન આપી તેઓ ઈંગ્લેન્ડ જય મિકેનિકલ એન્જીનિયરીંગના વિષયમાં પ્રવેશ મેળવ્યો. ત્યાં તેઓ શ્યામજી કૃષ્ણવર્માના સંપર્કમાં આવ્યા. પહેલી જુલાઇ ૧૯૦૯ના રોજ ભારતીયો અને બ્રિટિશરો ઇંપિરિયલ ઇન્સ્ટિટયૂટમાં ઇંડિયન નેશનલ એસોશિએશન દ્વારા આયોજિત એથોમ સમારોહમાં ભાગ લેવા એકત્ર થયા હતા. જાયરે કર્જન વાયલી તેમના પત્ની સાથે સભાખંડ તરફ જય રહ્યા હતા ત્યારે મદનલાલ ઢીંગરાએ તેમના પર ગોળીબાર કરી આત્મહત્યાનો પ્રયાસ કર્યો પરંતુ પોલીસ દ્વારા ટીમની ધરપકડ થઈ. ૨૩ જુયાઈના રોજ ઓલ્ડ બેઈલી તરીકે ઓળખાતી લંડનની અદાલતમા કેસ ચલાવવામાં આવ્યો. અદાલતે તેમને મૃત્યુ દંડની સજા ફટકારી અને ૧૭ ઓગસ્ટ ૧૯૦૯ના રોજ લંડનની પેન્ટવિલે જેમલા ફાંસી આપવામાં આવી. ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૯૯૨માં મદનલાલ ઢીંગરના સનમનમા એક સ્મારક ટિકિટ બહાર પાડવામાં આવી છે.

## ગુજરાતી ભક્ત કવિદયારામ



ગુજરાતી ભક્ત કવિ અને જેની ગરબીઓ જાણીતી છે તેવા દયારામનો જન્મ તા. ૧૮/૮/૧૭૭૭ના રોજ એમના મોસાળ ડભોઈમાં થયો હતો. એમનું મૂળ વતન ચાંદોદ હતું. પિતાનું નામ આણંદરામ ભટ્ટ અને માતાનું નામ મહાલક્ષ્મીબેન અથવા રાજ્કોર હતું. દયારામની સ્મરણ શક્તિ ખૂબ જ તેજ હતી. જેટલું સાંભળે તેટલું રાતે યાદ કરીને સૂઈ જવાની તેને આદત હતી. નાની વયે પણ તેમણે ઘણા શ્લોકો કંઠસ્થ હતા. તેમાં શિક્ષક બાપુરામના કહેવાથી તેમના પિતાએ આઠમાં વર્ષે યજ્ઞોપવીત સંસ્કાર કર્યા પછી કાશી ભણવા માટે મોકલવાની ઈચ્છા હતી પણ પરિવારની આર્થિક સ્થિતિ સારી ન હોવાથી ભણવા ન મોકલી શક્ય. માત્ર દસ વર્ષની નાની વયે પિતાની છત્રછાયા ગુમાવી. ત્યારપછી બે વર્ષ પછી માતા પણ અવસાન પામ્યા. આમ નિરાધાર બનેલા દયારામની સંભાળ એમના કાકાની દીકરી ધનગૌરીએ સંભાળી પરંતુ એ પણ ગુજરી જતાં તેઓ પોતાના મોસાળ ડભોઇ ગયા અને ત્યાજ વસવાટ કર્યો. એક દિવસ સુપ્રસિદ્ધ કથાકાર વિદ્વાન ઈચ્છારામ ભટ્ટજીની કથા સાંભળી ને દયાશંકર ખૂબ પ્રભાવિત થયા. ભટ્ટજીને ગુરુ બનાવ્યા અને એમનું જીવન પલટાઈ ગયું. પોતાના ગુરુના ઉપદેશથી તેમણે વલ્લભસંપ્રદાયનો વૈષ્ણવધર્મ તેમણે અપનાવ્યો. પરિણામે દયાશંકરમાંથી દયારામ થયા. શ્રીકૃષ્ણને

પ્રિયતમ માનીને ગોપીભાવે તેને ભજતા રહ્યા. દયારામે અનેક તીર્થોની પદયાત્રા કરી. તેઓ શ્રીનાથજીમાં હોય ત્યારે રાત્રે એ ભજન કીર્તન કરતાં તેમના સંગીતના જ્ઞાનને લીધે તે ધાર્મિક બેઠકો સંગીત્સભાનું રૂપ ધાર્મ કરી લેતી. તેમની કવિતાની શરૂઆત માત્ર ૧૩ વર્ષની વયે થઇ હતી.

## સિતાંશુ યશશ્વન્દ્ર



ગુજરાતી ભાષાના કવિ, નાટકકાર, વિવેચક સિતાંશુ યશશ્વન્દ્ર મહેતાનો જન્મ ૧૮ ઓગસ્ટ ૧૯૪૧ના રોજ ભુજમાં થયો હતો.માધ્યમિકશિક્ષણ વડોદરા-મુંબઈમાં લીધું. મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાંથીગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે બી.એ. એ જ વિષયોમાં ઈ.સ. ૧૯૬૫માં એમ.એ. પાસ કરી ઈ.સ. ૧૯૬૫ થી ૧૯૬૮ સુધીગુજરાતીના અધ્યાપક તરીકે જોડાયા. ઈ.સ.૧૯૬૮માં ફૂલબ્રાઇટ સ્કૉલરશીપ સાથે અમેરિકા જઈ ઈ.સ.૧૯૭૦માંસૌંદર્યશાસ્ત્ર અને તુલનાત્મક સાહિત્યમાં એમ.એ. ની ઉપાધિ મેળવી. ડૉ. ન્યૂટન પી.સ્ટોલનેસ્ટના માર્ગદર્શન હેઠળ 'નાટ્યચાર્ય ભરતની અને ફિલસૂફ કાન્ટની પરંપરામાંકલાસ્વરૂપનો વિભાવ' એ વિષય પર ૧૯૭૫માં પીએચ.ડી. કર્યું. આ દરમિયાન તેમનું કાવ્ય અને નાટક વિષયવસ્તુનું ભાથું બંધાયું. ઈ.સ. ૧૯૮૩ થી મ.સ. યુનિવર્સિટીમાં ગુજરાતી વિભાગમાં પ્રાધ્યાપક અને પાંચ વર્ષ અધ્યક્ષ પણ રહ્યા. ત્યારપછી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ તરીકે પણ સેવા આપી હતી. ઈ.સ. ૧૯૭૭માંસાહિત્ય અકાદમી, દિલ્હી તરફથી તૈયાર થનાર 'ભારતીય સાહિત્યનો જ્ઞાનકોશ'ના મુખ્યસંપાદક તરીકે નિમણૂંક થઇ. ઈ.સ. ૧૯૭૭માં જ રામપ્રસાદ બક્ષીના માર્ગદર્શન હેઠળ 'રમણીયતાનોવાગ્વિકલ્પ' વિષય પર મુંબઈ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી. થયા ઈ.સ. ૧૯૮૭ નો સાહિત્ય અકાદમી, દિલ્હીનોપુરસ્કાર એનાયત થયો.

સિતાંશુ યશશ્વન્દ્ર 'ઓડીસ્યુંસ નું હલેસું' નામના પ્રથમ કાવ્યસંગ્રહ દ્વારા ગુજરાતને એમની ભેટ મળી છે. તેમણે ઈ.સ. ૧૯૮૭માં ' જટાયુ' કાવ્યસંગ્રહને સાહિત્ય અકાદમી દિલ્લીનો પુરસ્કાર એનાયત થયેલ છે. મધ્યપ્રદેશ સરકાર તરફથી ઈ.સ. ૧૯૯૮માં ' કબીર સન્માન' અને ગુજરત સાહિત્ય સભા તરફથી ઈ.સ. ૧૯૮૯માં રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. તેમણે ' આ માણસ મદ્રાસી લાગે છે' , લેડી લાલકુંવર' , ' તોખાર' અને ખગ્રાસ' નાટકો રંગભૂમિ પર સફળ રીતે ભજવાઈ ચૂક્યા છે.


## અરૂણા ઈરાની



ગુજરાતી રંગભૂમિ તથા ચલચિત્રોની જાણીતી અભિનેત્રી અરૂણા ઈરાનીનો જન્મતા. ૧૮/૮/૧૯૪૬ના રોજ મુંબઈમાં થયો હતો. તેઓ જૂની ગુજરાતી રંગભૂમિ સાથે વર્ષોથી સંકળાયેલા જાણીતી ઈરાની પરિવારના સભ્ય તેમ જ લક્ષ્મીકાંત નાટક સમાજ

અને દેશી નાટક સમાજના એક સમયના સંચાલક ફરેદુત ઈરાનીના પુત્રી હતા. બાળપણથી જ જૂની ગુજરાતી રંગભૂમિ અભિનય કારકિર્દી શરૂઆત કરી હતી. તેમણે હિંદી ચલચિત્રોમાં મુખ્યત્વે સહાયક પાત્રોમાં અભિનય આપવાનું શરૂઆત્ કરી હતી. ' જવાબ' , 'ગરમ મસાલા' જેવી તે સમયની અનેક હિંદી ફિલ્મોમાં તેમના આ ગાળાના અભિનયનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ' બે ઈમાન ' જેવી મનોજકુમાર દ્વારા અભિનીત સરળ કૃતિમાં તેમ જ અન્ય ફિલ્મ ફિલ્મોમાં તેમ જ સહાયક તો ક્યારેક ખલનાયિકા જેવી ભૂમિકાઓ ભજવીને હિંદી ફિલ્મક્ષેત્રે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું શરૂઆતમાં હિંદી ફિલ્મોમાં જ કામ કરવાની તેમની ઈચ્છા હતી, પરંતુ આઠ  ભાઈ બહેનોના પરિવારમાં એકલા પિતા ભરણપોષણ કરી શકેતેમ ન હતા એટલે તેમણે ગુજરાતી ફિલ્મોમાં પણ કામ સ્વીકાર્યું. એટલું જ નહી પણ ચોક્કસ પ્રકારની ભૂમિકાનો આગ્રહ જતો કરીને કોઈ ભૂમિકા મળે તેમાં પ્રાણ રેડીને પોતાનું એક ચોક્કસ સ્થાન બનાવ્યું. અરૂણા ઈરાનીને ગુજરાતી અભિનેત્રીના રાજ્યક્ષાના પુરસ્કારો પ્રાપ્ત થયા છે. ઈ.સ. ૧૯૫૮ના વર્ષમાં ગુજરાત રાજ્ય ચલચિત્ર વિકાસ નિગમની સ્થાપના થઇ ત્યારે તેમની નિગમના બોર્ડ ઓફ દીરેક્તારમાં નિયુક્ત કરવામાં આવી હતી. તેમના બે ભાઈ શ્રી ફિરોઝ ઈરાની અને શ્રી અડી ઈરાની પણ ગુજરાતી અને હિંદી ફિલ્મોમાં અભિનય કરી રહ્યા છે.

## અમૃતલાલ ઘાયલ



ગુજરાતના સુપ્રસિદ્ધ ગઝલકાર અમૃતલાલ ઘાયલનો જન્મ તા.૧૯/૮/૧૯૧૬ના રોજ જુનાગઢ જીલ્લાના સરધાર ગામમાં થયો હતો.પિતાનું નામ લાલજીભાઈ અને માતાનું નામ સંતોકબેન હતું. પ્રાથમિક શિક્ષણ સરધારમાં લીધો હતો. ત્યારપછી રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાંથી ઈ.સ. ૧૯૪૯માં મેટ્રીકની પરીક્ષા પાસ કરી. આ દરમ્યાન કિશોરવયમાં સૌરાષ્ટ્રના રત્નસમા ઝવેરચંદ મેઘાણી અને કલાપી સાહિત્યે તેમને આકર્ષ્યા  હતા. આ કારણે લોકસાહિત્ય માટેનો લગાવ પ્રબળ હતો તે વળી ઉર્દૂ શીખવવાનો લહાવો તેમને મળ્યો.જે તેમના ગઝલના સર્જનમાં ખૂબ જ ઉપયોગીનીવડ્યો છે. કોશોર્વ્ય વટાવતાં તેમના અંતરમાં ગઝલ માટેની ભૂમિકા રચાવા માંડી  હતી. તેઓ ક્રિકેટ અને હોકીના પણ સારા ખેલાડી હતા. ઈ.સ. ૧૯૩૨માં લગ્ન કર્યું પણ એ દાંપત્યજીવન ટક્યું નહિ ને તેમની પત્ની અવસાન પામી. તેમણે બીજા લગ્ન ભાનુમતી સાથે કર્યા.

તેમણે ઈ.સ. ૧૯૩૯ના ગઝલલેખનની શરૂઆત કરી હતી. ઈ.સ.અ ૧૯૫૪માં તેમનો પ્રથમ ગઝલસંગ્રહ ' શૂળ અને શમણાં' પ્રગટ કર્યો, ત્યારપછી ' રંગ', 'રૂપ', ઝાંય', ' અગ્નિ' અને ' ગઝલ નામે સુખ' પ્રગટ કર્યા હતા. તો ' આથો જામ ખુમારી' તેમની સમગ્ર સ્ક્વીતા પ્રકાશિત થઇ છે. ગઝલના તળપદી ગુજરાતી ભાષા સાથે સબંધ કરાવી આપવાનું શ્રેય એમને આપીં શકી. સૌરાષ્ટ્રની બોલીનું ખમીર, મીઠો કટાક્ષ અને તોછડાઈ વગરનું ગરવાપણું અમૃત ઘાયલે ગઝલોમાં વિશિષ્ઠ રીતે ઉપયોગમાં લીધા છે. તળપદા શબ્દોને કારણે ગુજરાતી ગઝલ ઉર્દૂ- ફારસીની પકડમાંથી મુક્ત થતી લાગે છે.દેશભરમાં અનેક મુશાયરાઓમાં ભાગ લીધો હતો. તેમની હાજરી માત્ર મુશાયરાનું આકર્ષણ બની રહેતી


અને મહેફિલમાં રોનક આવી જતી. અમૃત ઘાયલને ગઝલ રસિકોએ અને ગઝલકારોએ ગુજરાતના ' ગાલીબ' તરીકે ઓળખાવ્યા છે. પણ એમને પોતે ગુજરાતની પ્રજા તેમણે ' શહીદે ગઝલ' તરીકે ઓળખે તેવી અભિલાષા સેવી હતી. ઈ.સ. ૧૯૯૩માં રણજીતરામ સુવર્ણચંદ્રક અને ઈ.સ. ૨૦૦૨માં ' નરસિંહ મહેતા એવોર્ડ' થી સન્માનિત કરવામાં આવ્યા છે. તેમનું અવસાન ૨૫ ડીસેમ્બર ૨૦૦૨ના રોજ થયું હતું.

## ચંદ્રકાન્ત કેશવલાલ બક્ષી



ગુજરાતી સાહિત્ય અને પત્રકારત્વ ક્ષેત્રે મહત્વની કામગીરી કરનાર ચંદ્રકાન્ત કેશવલાલ બક્ષીનો જન્મ તા. ૨૦/૮/૧૯૩૨ના રોજ ઉત્તર ગુજરાતના પાલનપુરમાં થયો હતો. તેમને મુંબઈ યુનિવર્સિટીમાંથી બી.એ. પાસ કરી ઈ.સ. ૧૯૫૬માં એલ.એલ.બીનો અભ્યાસ પૂર્ણ કર્યો. ઈ.સ. ૧૯૬૩માં ઇતિહાસ અને રાજકારણ વિષય સાથે કલકતા યુનિવર્સિટીમાંથી એમ.એ પાસ થયા. ઈ.સ. ૧૯૭૦થી દસ વર્ષ સુધી કોલેજમાં અને મુંબઈ યુનિવર્સિટીમાં ઇતિહાસ અને રાજ્યશાસ્ત્રના વિષયોમાં અધ્યાપક તરીકે કામગીરી કરી હતી. ત્યારપછી આચાર્યપદે તેમ જ યુનિવર્સિટીની સેનેટના સભ્ય પણ રહ્યા. તેઓ ૧૪ વર્ષની વયે જ અંગ્રેજીમાં ' બાલકન-જી-બારી'ના મુખપત્રમાં પ્રકાશિત થયો. ૧૮ વર્ષની વયે તેમણે વાર્તાલેખનની શરૂઆત કરી હતી. તેમણે ' પડઘા ડૂબી ગયા', ' રોમાં', એકલતાના કિનારા', આકાર', એક અને એક' પેરેલિસીસ' , જાતકકથા' ' હનીમૂન', વંશ', મારૂ નામ તારું નામ' જેવી લગભગ ૨૬થી વધારે નવલકથાઓ આપી છે. તો ' પ્યાર', એક સાંજની મુલાકાત', મીરાં', ' મશાલ' અને 'ક્રમશ' જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે. આ ઉપરાંત આઠ પ્રવાસ પુસ્તકો, જ્ઞાનવિજ્ઞાન શ્રેણી, જીવનચિંતન વિષયક પુસ્તકો પ્રગટ કર્યા છે. તેમની ' બક્ષીનામા ભાગ- ૧ થી ૩ ' એમની વિશિષ્ઠ શૈલીમાં લખાયેલ આત્મકથા છે. મુખ્યત્વે ક્થાસાહીત્યક્ષેત્રે વિપુલ લેખનું યોગદાન આપનાર આ સર્જકની ભાષા ચોટદાર અને વેધક હોવાથી વર્તમાનપત્રો અને સામયિકોમાં તેમની કોલમ નિયમિત વાચકો માટેનું આકર્ષક કેન્દ્ર બની રહી હતી. ચંદ્રકાન્ત બક્ષી તે સમયના સૌથી વધુ વંચાતા લેખક હતા. તેમના કોલમની વાચકો આતુરતાપૂર્વક રાહ જોતા હતા. ' બક્ષીબાબુ' હુલામણા નામથી પત્રકારત્વમાં જાણીતા આ સર્જકે યુરોપ, ફ્રાંસ, અમેરીકા, રશિયા જેવા અનેક દેશોનો પ્રવાસ કર્યો છે. તેમનું અવસાન ૨૫ માર્ચ ૨૦૦૬ના રોજ થયું હતું.

## રસિકલાલ છોટાલાલ પરીખ



ગુજરાતી કવિ, નાટ્યકાર, વિવેચક, સંપાદક: રસિકલાલ છોટાલાલ પરીખ નો જન્મ ૨૦ ઓગસ્ટ ૧૮૯૭ના રોજ સાદરામાંથયો હતો. ઇ.સ. ૧૯૧૩માં અમદાવાદથી મેટ્રિકની પરીક્ષા પાસ કરી ૧૯૧૮માં પૂનાથી સંસ્કૃત-અંગ્રેજી વિષયો સાથે બી.એપાસ કર્યું. ત્યારબાદ શંકરાચાર્ય સેમિનારમાં 'કમ્પેરેટિવ સ્ટડી ઑવ રિલિજિયન એન્ડ ફિલોસોફી'ની ફેલોશિપ. પૂનામાં સંસ્કૃત-અંગ્રેજી સાહિત્યનો તથા

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ. મુનિશ્રી જિનવિજયજી પાસેથી ઇતિહાસ તેમ જ વ્યાકરણનું અધ્યયન. ૧૯૧૯માં ભાંડારકર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ, પૂનામાં 'હસ્તલિખિત પ્રતોના વર્ણનાત્મક કેટલૉગ'ના કાર્યમાં સહાયક તરીકે કામગીરી. ૧૯૨૦ના અરસામાં અમદાવાદ આવી ગુજરાતી કેળવણી મંડળની શાળામાં શિક્ષક. ૧૯૨૧માં ગૂજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં આચાર્ય. એ દરમ્યાન 'પુરાતત્ત્વ', 'પ્રસ્થાન' અને 'યુગધર્મ'ના તંત્રી-સંપાદક. ૧૯૩૦માં વિદ્યાપીઠ છોડી. ૧૯૩૦થી ૧૯૩૭ દરમિયાન સંશોધન, નાટ્યલેખન તેમ જ દેશાટન. ૧૯૩૭માં ગુજરાત વિદ્યાસભાના સહાયક મંત્રી. ૧૯૩૯-૧૯૪૦માં ગુજરાત વિદ્યાસભાના અધ્યક્ષ. ૧૯૪૧થી નિવૃત્તિ સુધી એના નિયામક, ૧૯૪૨માં રણજિતરામ સુવર્ણચંદ્રક. ૧૯૬૦માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર. ૧૯૬૪માં વિલેપાર્લે મુંબઈમાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખતરીકે રહયા હતા. તેઓ નાટ્યકાર અને વિવેચક તરીકે જાણીતા છે. એમના નાટકો 'શર્વિલક' અને 'મેનાગુર્જરી' પ્રાણવાન સર્જનો ગણાયાં છે. સંસ્કૃતમંડિત બાહ્ય પરિવેશ અને શૈલી તથા ભવાઈ શૈલીની લાક્ષણિકતાઓ, શિષ્ટ વાણી, વિલક્ષણ નર્મશક્તિ, ગતિશીલ ઘટનાઓ વગેરે 'શર્વિલક'નો વિશેષ છે. વિવેચનને પણ એમની સંમાર્જિત રુચિનો લાભ મળ્યો છે. અઘરી વિચારણાનું પણ મુદ્દાસર ને વિશદ નિરૂપણ વિવેચક તરીકેની એમની આગવી પ્રતિભા ઉપસાવે છે. તત્ત્વજ્ઞાન અને ઇતિહાસના ગ્રંથો પણ તેમની પાસેથી મળ્યા છે.પહેલી નવેમ્બર ૧૯૮૨ના રોજ તમણું અવસાન થયું.

## દામુભાઈ ઝવેરી

રંગભૂમિના મુઠ્ઠી ઉંચેરા આરાધક તથા ઇન્ડિયન નેશનલ થિયેટરના સ્થાપક દામુભાઈ ઝવેરીનો જન્મ તા. ૨૨/૮/૧૯૨૧ના રોજ મુંબઈમાં થયો હતો. મુંબઈમાં છેલ્લા છ દાયકાથી તેઓ સાંસ્કૃતિક જીવનમાં ઓતપ્રોત હતા અને આઈ.એમ.ટી. સંસ્થાને માત્ર મુંબઈની જ નહી પણ દેશની અગ્રગણ્ય સંસ્થા બનાવવામાં તેમનો સિંહફાળો હતો. આઈ.એન.ટી નું પોતાનું સંકુલ ઉભું થાય તેવી તેમની અભિલાષા હતી.તેનું કાર્ય દોઢ મહીંના બાદ શરુ થવાનું હતું. કાયદાકીય વિધિ તેમણે સતત પ્રવૃતિશીલ રહી પાર પાડી હતી પણ આ કામ શરુ થાય તે પહેલા તેમણે જીવનના અંતિમ શ્વાસ લીધા હતા.

દામુભાઈ ઝવેરી ખરા અર્થમાં રંગકર્મી હતા, આધુનિક રંગભૂમિને નવું સ્વરૂપ આપવાનું તેમનું સ્વપ્ન હતું. જેને સાકાર કરવા તેમણે આજીવન ભેખ ધર્યો હતો. તેઓ જીવનની છેલ્લી પળસુધી પોતાનું સ્વપ્ન સાકાર પ્રતિબદ્ધ રહ્યા હતા.રંગભૂમિ માટે ખરા અર્થમાં ' હીરા પારખું' હતા. રંગભૂમિ વ્યવસાયના કેન્દ્રમાં રહેવા છતાં સમજણપૂર્વક નેપથ્યમાં રહી પ્રસિદ્ધ મેળવી હતી. તેમણે ઇન્ડિયન નેશનલ થિયેટરના સ્થાપના થી જ માનદ મંત્રી તરીકે કામગીરી કરી હતી.રંગભૂમિના વિકાસ કરવા માટે તેમણે અનેક દેશોનો પ્રવાસ કર્યો હતો. ' મોતી વેરાણા ચોકમાં' નાટકમાં તેમનું પહેલું સર્જન હતું. તેમણે ' કુમારની અગાશી' ભજવ્યું હતું. ' સપ્તપદી', 'સંતુ રન્ગુલી', ' ખેલંદો', વૈશાખી કોયલ'



gnanbhandar.com

અને સગપણના ફૂલ' જેવા શ્રેષ્ઠ નાટકો માટે તારક મહેતા, જયંત પારેખ અને મધુરાય જેવા સર્જકોની સહાયથી ભજવ્યા હતા. ગુજરાતી રંગભૂમિના વિકાસમાં તેમનું પ્રદાન અનન્ય છે. તેઓ માત્ર સ્વપ્નદ્રષ્ટા જ નહી પણ સ્વપ્નને વાસ્તવિકતાની ધરાતલ પર સાકાર કરનાર કર્મયોગી હતા. અનેક નાટ્ય સંસ્થાઓ સાથે સંકળાયેલ દામુભાઈ ઝવેરીનું ૧૫ માર્ચ ૨૦૦૨ના રોજ અવસાન થયું.

## ગુજરાતી કવિ પ્રવીણ દરજી



ગુજરાતી નિબંધકાર, વાર્તાકાર અને કવિ પ્રવીણ શનિલાલ દરજીનો જન્મ તા. ૨૩/૮/૧૯૪૪ના રોજ પંચમહાલ જીલ્લાના મહેલોલ ગામમાં થયો હતો માતાનું નામ ચંચળબેન હતું.પ્રાથમિક શિક્ષણ મહેલોલ અને માધ્યમિક શિક્ષણ વેજલપુરમાં પ્રાપ્ત કર્યું હતું. ઉચ્ચ શિક્ષણ ગોધરા તેમ જ મોડાસાની કોલેજમાં મેળવ્યું હતું. ઈ.સ. ૧૯૬૫માં યુનિવર્સિટીમાં સ્નાતકની પદવી પ્રથમ વર્ગ સાથે પાસ કરી મોડાસા કોલેજમાં વ્યાખ્યાતા તરીકે જોડાયા ત્યારપછી લુણાવાડા કોલેજમાં અધ્યાપક તરીકે જોડાઈ લુણાવાડાને પોતાની કર્મભૂમિ બનાવી. ઈ.સ. ૧૯૭૩માં પી.એચ.ડી.ની ઉપાધી પ્રાપ્ત કરી. એમની અભ્યાસની કારકિર્દી અત્યંત તેજસ્વી હતી. અનુસ્નાતકની પરીક્ષાઓમાં યુનિવર્સિટીમાં પ્રથમ આવીને તેમને ધૂમકેતુ એવોર્ડ, સરયુબાળા રાયાચંદ ગોલ્ડ મેડલ એનાયત થયા. તેમણે ઈ.સ. ૧૯૭૩માં તો 'ચીસ' નામક પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ કર્યો.ત્યારબાદ એમણે ચાર કાવ્યસંગ્રહ પ્રાહત કર્યા.' લીલા પર્ણ', ઘાસના ફૂલ', ' વેણુરવ', ' પંચમ' અને શાખાઓના સંવાદ' એમના નિબંધસંગ્રહ છે. તો ' હિમાલયના ખોળે' અને ' નવા દેશ, નવા વેશ' એમના નોંધપાત્ર પ્રવાસગ્રંથો છે. ગુજરાતી સાહિત્ય પરિષદ તરફથી ' લીલા પર્ણ' કૃતિને કાકાસાહેબ કાલેલકર પારિતોષિક એનાયત થયેલ છે. ' ઘાસના ફૂલ' કૃતિ માટે ઉપેન્દ્ર પંડ્યા એવોર્ડ તથા ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ' પંચમ', 'ગાતાં ઝરણા', ' કાવ્યસંગ' અને 'હિમાલયને ખોળેને પારિતોષિક એનાયત થયેલ છે.


## બળવંત જાની



મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, લોક સાહિત્ય તથા ચારણી સાહિત્યના ઊંડા અભ્યાસી શ્રી બળવંત જાની નો જન્મ તા. ૨૪/૮/૧૯૫૧ના રોજ રાજકોટ જીલ્લાના કમળાપુર ગામમાં થયો હતો. પિતાનું નામ શાંતિલાલ અને માતાનું નામ નિર્મળાબેન હતું. શાળાકીય શિક્ષણ વિવિધ જગ્યાએ લઇ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એમ.એ, પી.એચ.ડી. થયા. તેમની વિદ્યાર્થી તરીકેની કારકિર્દીની શરૂઆત તેમણે રાજકોટની ધર્મેન્દ્રસિંહજી કોલેજમાંથી કરી હતી. ત્યારબાદ આ જ કોલેજમાં અધ્યાપક,રીડર અને અધ્યક્ષ તરીકે પચીસ વર્ષ સેવાઓ આપી હતી. અધ્યાપક એ બળવંતભાઈ માટે માત્ર વ્યવસાય નહી પણ સંસ્કાર ચિંતન અને રસરૂચીનું ક્ષેત્ર છે. ગુજરાતી ભાષા સાહિત્ય ભવનના અધ્યક્ષ તરીકે અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકેની જવાબદારી તેમણે એકસરખી દક્ષતાથી નિભાવી છે. આ દરમ્યાન શ્રી બળવંતભાઈની અક્ષરની આરાધના ચાલુ જ રહી છે. તેમના લોકસાહિત્ય સંશોધનના સંખ્યાબંધ પ્રકાશનો પ્રગટ થયેલા છે. તેમણે મધ્યકાલીન

સાહિત્યક્ષેત્રે સંશોધન વિવેચન અધ્યયન કરીને ' ભાલણના કાવ્યો', ' મધ્યકાલીન ગુજરાતી જ્ઞાનમાર્ગી કવિતા' ભાલણકૃત ' રામવિવાહ આખ્યાયન', ' મધ્યકાલીન ગુજરાતી ઊર્મિકાવ્યો' અને ભાલણની કાવ્યકૃતિઓ ભાગ-૧ થી ૩ 'જેવા પુસ્તકો આપ્યા છે.તેઓએ આજસુધી જુદી જુદી વહીવટી કામગીરી સંભાળતા સંભાળતા સત્ આંતરાષ્ટ્રીય પરિસંવાદોમાં, વીસેક રાષ્ટ્રીય પરિસંવાદો અને રાજ્યસ્તરીય પરિસંવાદોમાં સક્રિય રહી નિબંધવાચક કરેલ છે. શ્રી બળવંતભાઈએ ગુજરાતી દૈનિકોની સાપ્તાહિક પૂર્તિઓમાં નિયમિત કટારલેખન કર્યું છે. લંડન અને અમેરિકામાં પણ ગુજરાતી સાપ્તાહિકોમાં નિયમિત રીતે પોતાના વિષયના લેખો લખતા રહ્યા છે. ગુજરાત સરકારની સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'લોકગુર્જરી'ના તેઓ સંપાદક છે.

## કવિ નર્મદ



ગુજરાતી ગદ્યના પિતા અને ગુજરાતની અસ્મિતાના ગાયક કવિ નર્મદનો જન્મ ૨૪ ઓગસ્ટ ૧૮૩૩ના રોજ સુરતમાં થયો હતો. તેમના પિતા લાલશંકર દવે મુંબઈની અદાલતમાં કારકૂન હતા. માતાનું નામ નવદુર્ગાગૌરી હતું. ઈ.સ. ૧૮૪૫માં મુંબઈની કોલેજમાં શિક્ષણ લીધું. ઈ.સ. ૧૮૪૫માં મુંબઈની કોલેજમાં શિક્ષણ લીધું. તે પહેલા ૧૧ વર્ષની વયે સૂર્જમની પુત્રી ગુલાબ સાથે તેમના લગ્ન થયા. રાંદેરમાં કવિ નર્મદે શિક્ષકની નોકરી સ્વીકારી. ઈ.સ. ૧૮૮૫માં ગુજરાતી કવિતાના પિંગળશાસ્ત્રનો અભ્યાસ કર્યો. પ્રેમ શૌર્ય લગતા કાવ્યો રચ્યા. તેમને નોકરી છોડીને કલમને ખોળે માથું મુક્યું. ' જય જય ગરવી ગુજરાત' જેવા ગીતોએ સાહિત્યમાં નવા પ્રાણ પૂર્યા. તેમને લેખક, કવિ, વિવેચક અને સામાજિક સુધારક તરીકે વ્યાપક સાહિત્યસર્જન કર્યું. ' ડાંડિયો' નામનું સમાજસુધારક સામયિક શરૂ કર્યું. રૂઢીવાદ સામે ઝઝૂમવાની આગેવાની તેમણે લીધી હતી. આથી તેમને ' વીર નર્મદ'નું બિરૂદ મળ્યું હતું. તેઓ ધર્મના ઓથા તળે થતાં દંભ અને વ્યભિચાર સામે લડ્યા.

તેઓ વિધવા વિવાહ અને સામાજિક કુરિવાજો સામે ઝઝૂમ્યા. ગુજરાતી સાહિત્યનો શબ્દકોષ ' નર્મકોશ' તૈયાર કર્યો. આર્થિક બેહાલીમાં પણ અડગ રહીને સાહિત્ય સેવા ચાલુ રાખી પોતાની ટેક ન છોડી. તેમને ડાહીગૌરી સાથે વિધવા વિવાહ કર્યા. પોતાની આત્મકથા દર્શાવતું ' મારી હકીકત' પુસ્તક પ્રગટ કર્યું. તેમણે' નર્મકવિતા', નર્મગદ્ય' ,નર્મકોશ' અને ધર્મવિચાર સાહિત્યકૃતિઓ પ્રકાશિત કરી હતી. અર્વાચીન ગધ્યના પિતા નર્મદ ૨૫ ફેબ્રુઆરી ૧૮૮૬ના રોજ અવસાન થયું. તેમના નામથી સાહિત્યક્ષેત્રે નર્મદચંદ્રક અપાય છે.


## હરિનારાયણ આચાર્ય



ગુજરાતના ' વનેચર' તરીકે ઓળખાતા ખ્યાતનામ પ્રકૃતિવિદ શ્રી હરિનારાયણ ગિરધરલાલ આચાર્યનો જન્મ તા. ૨૫/૮/૧૮૯૭ના રોજ મહેસાણા જીલ્લાના ઊંઝામાં ઔદીત્ય બ્રાહ્મણપરિવારમાં થયો હતો. શિક્ષણ પૂરું

કર્યા બાદ કાયદાના અભ્યાસ માટે થોડો સમય મુંબઈમાં સ્થિર થયા. મુંબઈ હતા તે દરમ્યાન જ ' સમાલોચક' માસિકમાં લેખન પ્રવૃત્તિની શરૂઆત થઇ. ત્યારપછી ' કુમાર' માસિકમાં પણ લેખન કામગીરી કરી હતી.ગુજરાતના પ્રાણીઓની માહિતી તૈયાર કરી હતી. 'વનવગડા વાસી' પુસ્તક પ્રગટ કર્યું. ' ખભે ખડિયો', 'અખાડો', 'સ્વાસ્થ્ય શક્તિ', સૌદર્ય' વગેરે તેમની લેખમાળાઓ પ્રગટ કરી. આ ઉપરાંત તેમણે જીવનચરિત્રો, પ્રાણીજીવનની કેટલીક વાર્તાઓના અનુવાદ પણ કર્યા છે. પ્રકૃતિના અભ્યાસમાંથી જે પ્રાપ્ત થયું એથી પ્રેરાઈ ગુજરાતના પ્રાણીજીવન , વનસ્પતિસૃષ્ટ્રી અને ભૂરચનાના અવલોકન, અભ્યાસ અને સંશોધનના પ્રચાર વિકાસ અર્થે તેમેણ મિત્રોના પ્રોત્સાહનથી ઈ.સ. ૧૯૩૮માં અમદાવાદમાં ' પ્રકૃતિ' ત્રિમાસિક શરૂ કર્યું. આ સામયિકના સંચાલન અને ' કુમાર'માની તેમની લેખમાળા ' વનવગડાના વાસી' તથા અન્ય લેખો દ્વારા તેમણે કરેલી સેવાના સંદર્ભે ગુજરાતી સાહિત્ય સભાએ ઈ.સ.૧૯૪૭ના વર્ષનો રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયેલ છે. આવા મહાન ગુજરાતી પ્રકૃતિવિદ હરિનારાયણ આચાર્યનું અવસાન ૨૨ મે ૧૯૮૪નાં રોજ થયું હતું.

## મધર ટેરેસા




' આજે આપણું વિશ્વ આજે ભૂખ્યું છે માત્ર રોટલા માટે નહી પરંતુ પ્રેમ માટે પણ જગત ઈચ્છે છે કે કોઈ એને ચાહે ' જેમના જીવનનું મુખ્ય ધ્યેય સૂત્ર હતું તેવા ભારતરત્ન અને વીસમી સદીની વિશ્વમાં સહુથી વધુ લોકપ્રિય અને આદરણીય દયાની દેવી મધર ટેરેસાનો જન્મ ૨૬મી ઓગસ્ટ ૧૯૧૦ના રોજ યુગોસ્લાવિયાના સ્કોપીજ નામના શહેરમાં થયો હતો. તેઓ નાનપણ એગ્રેઝ તરીકે ઓળખાતા હતા.. તેમના માતાપિતા મૂળ આલબ્નીયાના વતની હતા.અને તેઓ યુગોસ્લાવિયામાં આવીને વસવાટ કર્યો હતો. માત્ર ૧૨ વર્ષની વયે જ તેમણે મિશનરી બનવાનું નક્કી કરી લીધું હતું. ઈ.સ. ૧૯૨૮માં દરિયાઈ જહાજ દ્વારા ભારતના કલકત્તા શહેરમાં આવ્યા. ૧૬ જાન્યુઆરી ૧૯૨૯ના રોજ કલકતાથી લગભગ ૪૦૦ માઈલ ઉત્તરમાં દાર્જીલિંગના ગિરિનગરમાં લોરેટી નોવિશીયેટખાતે મોકલવામાં આવ્યા તથા તેમણે બંગાળી ઉપરાંત હિંદી ભાષાનું જ્ઞાન મેળવ્યું. ૨૪ માર્ચ ૧૯૩૧ના રોજ સિસ્ટર ટેરેસાનું બિરૂદ પામ્યા. દસમી સપ્ટેમ્બર ૧૯૪૬ના રોજ તેમણે ગરીબોના પૂર્ણ ઉધ્ધાર માટે પોતાની જાતને સેવા માટે સમર્પિત કરવાનો નિર્ણય કર્યો. મેરી ટેરેસા ત્યારબાદ ' મધર ટેરેસા' તરીકે ઓળખાવા લાગ્યા. ઈ.સ. ૧૯૫૦માં તેમણે ' મિશનરીઝ ઓફ ચેરીટીની સ્થાપના કરી.

મધર ટેરેસાએ ઈ.સ.૧૯૪૮માં ભારતીય નાગરિકત્વ પ્રાપ્ત કર્યું. ભૂરી કિનારીવાળી સફેદ સાડીમાં તેઓ સંપૂર્ણ ભારતીય નારી જેવા લાગતા હતા. સાડી પણ તેઓ માથે જ ઓઢી રાખતા હતા. તેમણે ઈ.સ. ૧૯૫૨માં ' નિર્મલ હદય' અનાથાલયની કાલીઘાટમાં સ્થાપના કરી. જેનાથી


હજારો બીમાર , નિરાધાર અને વૃદ્ધ લોકોને રહેવા માટે આશરો મળ્યો. અત્યારે લગભગ ૧૬૯ શૈક્ષણિક સંકુલ અને ૧૩૬૯ દવાખાના સાથે અનેક દેશોમાં તેની શાખાઓ આવેલી છે. આ ઉપરાંત અનાથ, અપંગ અને માનસિક રીતે વિકલાંગ બાળકો માટે તેમણે ' શિશુભવન'ની સ્થાપના કરી. ઈ.સ. ૧૯૭૨માં વિશ્વનો સર્વોચ્ચ ગણાતો નોબલ પારિતોષિક માનવસેવાના પરિપાકરૂપે અર્પણ કરવામાં આવ્યો. ઈ.સ. ૧૯૬૨માં પદ્મશ્રી પુરસ્કાર, ઈ.સ. ૧૯૮૦માં ભારતરત્ન અને ઈ.સ્.અ ૧૯૮૫માં મેડલ ઓફ ફ્રીડમ પુરસ્કાર પણ એનાયત થયો હતો. તેમણે રક્તપિત્ત દર્દીઓ માટે શાંતિનગર નામે વસાહતની સ્થાપના કરી. સત્યના પથ પર ચાલનારા આ મહાન સન્નારીએ વિશ્વને પ્રેમ અને સેવાનો સંદેશો આપી ૫ સપ્ટેમ્બર ૧૯૯૭ના રોજ ચિર વિદાય લીધી. જીવનની અંતિમ ક્ષણ સુધી અશક્ત અને નીરધ્રોની સેવા કરનાર આ મહાન મહિલાને સંપૂર્ણ રાજકીય સન્માન સાથે વિશ્વના લગભગ ૧૭૮ દેશોના પ્રતિનિધિઓ અંતિમવિધિમાં હાજર રહીને પુષ્પાંજલિ આપી હતી. મેધર ટેરેસાની સ્મૃતિરૂપે ભારત ઉપરાંત ટ્રાન્ઝનિયા, સ્વીડન, યુગાન્ડા,અલ્બાનિયા, મોંગોલીયા જેવા અનેક દેશોએ ટપાલટિકિટ બહાર પાડી છે.

## એચ.એમ. પટેલ

ગુજરાતના જાણીતા રાજપુરૂષ હીરૂભાઈનો જન્મ ૨૭ ઓગસ્ટ ૧૯૦૪ના રોજ ખેડા જિલ્લાના ધર્મજ ખાતે થયો હતો. પિતાનું નામ મૂલજીભાઇ અને માતાનું નામ હીરાબેન હતું. મુંબઈની સેંટ ઝેવિયર્સ હાઇસ્કૂલમાં અભ્યાસ કરી ઉચ્ચ અભ્યાસ અર્થે ઈંગ્લેન્ડ ગયા. ઈંગ્લેન્ડની ઓક્સફર્ડ યુનિવર્સિટીમાંથી સ્નાતકની પદની મેળવી આઈ.સી.એસ પરીક્ષા ઊંચી ગુણવત્તા સાથે પાસ કરી. ૧૯૩૬માં તેઓ મુંબઇ રાજ્યના નાણાખાતાના નાયબ સચિવ બન્યા. તેમની કુનેહ અને કોઠાસૂઝને કારણે ૧૯૪૬માં જોઇન્ટ કેબિનેટ સેક્રેટરી બન્યા. આવો હોદ્દો અંગ્રેજ શાસનમાં પ્રાપ્ત કરનાર તેઓ પહેલા ભારતીય હતા. ઇ.સ.આ ૧૯૪૭માં રાજયોના વિલીનીકરણમાં હૈદરાબાદના નિઝામને મનાવવામાં તેમણે મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ઇ.સ. ૧૯૫૮માં ભાઈકાકાએ ચરોતર વિદ્યામંડળના અધ્યક્ષ બન્યા. અને ત્રણેક દાયકા સુધી શિક્ષણજગતની સેવા કરી.

ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછી ગુજરાત વિદ્યુત બોર્ડના અધ્યક્ષ તરીકે પસંદગી કરવામાં આવી, તેઓ સ્વતંત્ર પક્ષમાં જોડાયા અને ૧૯૭૧માં લોકસભાના સભ્ય બન્યા. ૧૯૭૭માં મોરારજીભાઇ દેસાઇ પ્રધાનમંડલમાં તેઓ નાણાંમંત્રી બન્યા. તેમણે કનૈયાલાલ મુનશીની નવલકથા ' જાય સોમનાથ' અને ' પૃથ્વીવલ્લભ' જેવા પુસ્તકોનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. ૧૯૯૩માં તેમનું અવસાન થયું.

## મહાન જાદુગર કે.લાલ



ગુજરાતનું નામ વિશ્વમાં પ્રચલિત કરનાર અને વિશ્વનો મહાન જાદુનો બેતાજ બાદશાહ કાંતિલાલ ગિરધરલાલ વોરા (કે.લાલ)નો જન્મ અમરેલી જીલ્લાના માજજીવા

ગામમાં ૨૮ ઓગસ્ટ ૧૯૨૪ના રોજ થયો હતો. તેમનું કુટુંબનો મુખ્ય વ્યવસાય કાપડનો હતો પરિણામે આ વ્યવસાય માટે પરિવાર સાથે કલકત્તા ગયા. શાળાનું શિક્ષણ કોલકત્તામાં લીધું. નાનપણથી જ કાન્તિલાલને જાદુની કલા પ્રત્યે અપાર આકર્ષણ હતું. ઘણીબધી જગ્યાએ ફી ફરીને તેમને જાદુકલાનો અભ્યાસ કર્યો. આ જાદુકલાના અભ્યાસને કારણે ઘણી વખત શાળાને પણ તિલાંજલિ આપેલી. કે.લાલસાહેબે જાદુકલાનો પ્રથમ શિક્ષણ ગણપતિ ચક્રવર્તી પાસેથી મેળવ્યું હતું. ગણપતિ ચક્રવર્તીના અવસાન પછી પણ તેમના પુરોગામીઓ પાસે જાદુકલા શીખવાનું ચાલુ રાખેલું. તેમાં તેમને એમ લાગ્યું કે હવે હું સ્ટેજ ઉપર એકલો પ્રોગ્રામ કરી શકીશ . તેમણે બંગાળની આ જાદુકલા તો શીખી પણ સાથે સાથે પરંપરાગત રીતો, તેનો પહેરવેશ, ટોપી વગેરે પણ જાદુકલા માટે એટલા જ મહત્વના છે તે પણ તેમણે પાસેથી જ શીખ્યું.

ઈ.સ. ૧૯૪૦માં કે.લાલસાહેબે ૯૦ મીનીટનો પ્રથમ શો કર્યો અને ત્યારપછી તેમણે પાછું વાળીને જોયું નથી. ભારતમાં અને વિદેશમાં તેમણે છ દાયકા સુધી સતત જસ્દુંના ખેલ કર્યા અને તે વિશ્વ રેકોર્ડ છે. આટલાં લાંબા સમય સુધી કોઈએ જાદુની દુનિયામાં કામ કર્યું નથી.ઈ.સ. ૧૯૫૧માં રોક્સી થિયેટરના રંગમંચ ઉપરથી પૂર્ણ કક્ષાના અને સમાજસેવા માટેના પ્રયોગોની શરૂઆત કરી. તેમણે અનેક દેશોનો પ્રવાસ કરી જાદુના શો કર્યા છે. આઈ.બી.એમ સંસ્થા વાર્ષિક સભા અને સ્પર્ધાનું દર વર્ષે આયોજન કરે છે તેનું મુખ્ય મથક સેન્ટ લૂઈ, અમેરિકામાં છે.ઈ.સ. ૧૯૬૮માંતે સંસ્થાએ બેગ્લોરમાં આ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. તે સમયે વિશ્વના તમામ દેશોના જાદુ કલાકારો બેગ્લોરમાં આવ્યા હતા. અને કે.લાલસાહેબની આર્ટ , સ્કીલ અને ટેકનીક નિહાળી હતી. કે.લાલે પૂર્વ આફ્રિકા, ફીજી, મોરેશિયસ,કોરિયા, ન્યુઝીલેન્ડ, અમેરિકા, કેનેડા અને સિંગાપુરમાં તેમણે અનેક જાદુના શો કર્યા છે. તેમણે ૧૮ વખત જાપાનમાં ૩,૨૦૦૦ પ્રયોગો તો જાપાનમાં કર્યા અને એ તેમનો વર્લ્ડ રેકોર્ડ છે. જાદુકલામાં તેમણે વિવિધ પ્રયોગો કર્યા છે. પરદેશના લોકોને કે.લાલની ભારતની પરંપરાગત જાદુકલાથી પ્રભાવિત કર્યા હતા. તેમણે પ્રાચીન ભારતીય જાડું પરંપરાગત પ્રયોગોની સાથે સાથે હાથી, સિંહ,વાઘ, મગર,સાપ અને અજગર જેવા મનુષ્યેતર પ્રાણીઓનો સમાવેશ કરીને જાદુકલાને આધુનિક ઓપ આપ્યો હતો. મારુતિ કારણે સ્ટેજ ઉપરથી ગાયબ કરી દેવાનો કસબ અને તે અદ્દભુત પ્રયોગ પણ તેમની જાદુકલાની કેવી અદ્દભુત હતી તે બતાવે છે. જાદુકલાના પ્રયોગો કરતી વખતે સ્ટેજ ઉપર આવીને વીજળીવેગે તેઓ કાર્ય કરતા હતા. કે.લાલસાહેબ જાદુકલાની સાથે સાથે સમાજ સેવા પણ કરતા હતા. ઈ.સ. ૧૯૫૧ થી ૧૯૯૧ દરમિયાન તેમણે જાદુના અનેક પ્રયોગો કરી જુદી જુદી સેવાભાવી સંસ્થાઓને સાડા પાંચ કરોડરૂપિયા જેટલી રકમ એકઠી કરી હતી. તેમના વતનની શાળામાં દાન આપીને ઉમદા કાર્ય કાર્ય હતું. અત્યારે તેમના નામની ( કે.લાલ હાઈસ્કૂલ) સંસ્થામાં બાળકો શિક્ષણ પ્રાપ્ત કરે છે. કે.લાલસાહેબ ઓળ ઇન્ડીયા મેજિક સોસાયટીના ૩૫ વર્ષ સુધી પ્રમુખ પદે રહ્યા હતા. તેમણે અનેક માં સન્માન પ્રાપ્ત થયા હતા. તેમને ‘ વર્લ્ડ ગ્રેટેસ્ટ એન્ડ ફાસ્ટેસ્ટ મેજીશિયન’નો એવોર્ડ પ્રાપ્ત થયો હતો. આ ઉપરાંત તામિલનાડું, મહારાષ્ટ્ર અને આંધ્રપ્રદેશ રાજ્ય સરકારોએ પણ સન્માન કરેલ છે. રાજસ્થાન સરકારે મેજિક ઇન્ટરનેશનલ ૨૦૦૦નો લાઈફ એચીવમેન્ટ એવોર્ડ એનાયત કરેલ છે. ગુજરાત સરકારે ‘ ગુર્જર રત્ન’ અને રૂ. ૫૦,૦૦૦/- આપીને તેમનું સન્માન કર્યું છે. ઈ.સ. ૧૯૮૬માં કોલકત્તામાં તેમણે સતત સાત મહિના

gnanbhandar.com

સુધી જાદુના પ્રયોગો કર્યા. બંગાળ સરકારે માઈકલ મધુસુદન દત્ત એવોર્ડ અને ઇન્ડિયન પીકોક' એવું ટાઈટલ આપીને સન્માન કર્યું છે. નરમ સ્વભાવના આ મહાન જાદુગર કેન્સર જેવી ગંભીર બીમારી થવાથી ૨૩ સપ્ટેમ્બર ૨૦૧૨માં અમદાવાદ ખાતે અવસાન થયું.

## ઝવેરચંદ મેઘાણી



ગુજરાતી લોકસાહિત્યકાર ઝવેરચંદ મેઘાણીનો જન્મ સવંત ૧૮૯૬ માં ૨૮ ઓગસ્ટ ૧૮૯૭ના રોજ ગુજરાતનાં ચોટીલા ગામમાં થયો હતો. તેમનું મૂળ વતન બગસરા હતું. તેમનાં માતાનું નામ ધોળીબાઈ તથા પિતાનું નામ કાળીદાસ મેઘાણી હતું કે જેઓ બગસરાનાં જૈન વણીક હતાં. તેમના પિતાની નોકરી પોલીસ ખાતામાં હતી અને પોલીસ ખાતા થકી તેમની બદલીઓ થવાને કારણે તેમણે પોતાના કુટુંબ સાથે ગુજરાતનાં અલગ અલગ ગામોમાં રહેવાનું થયું. ઝવેરચંદનું ભણતર રાજકોટ,દાઠા,પાળીયાદ, બગસરા વગેરે જગ્યાઓએ થયું. તેઓ સવંત ૧૯૧૨માં મેટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયા. સવંત ૧૯૧૬માં તેઓએ ભાવનગરનાં શામળદાસ મહાવિદ્યાલયમાંથી અંગ્રેજી તેમજ સંસ્કૃતમાં સ્નાતકીય ભણતર પુરુ કર્યું.ભણતર પુરુ કર્યા બાદ સવંત ૧૯૧૭માં તેઓ કોલકાતા સ્થિત જીવનલાલ લીમીટેડ નામની એક એલ્યુમિનીયમની કંપનીમાં કામે લાગ્યા. આ કંપનીમાં કામ કરતી વખતે તેઓને એકવાર ઈંગ્લેંડ જવાનું પણ થયું હતું. ૩ વર્ષ આ કંપનીમાં કામ કર્યા બાદ વતનના લગાવથી તેઓ નોકરી છોડીને બગસરા સ્થાયી થયા. સવંત ૧૯૨૨માં જેતપુર સ્થિત દમયંતીબેન સાથે તેમના લગ્ન થયા. નાનપણથીજ ઝવેરચંદને ગુજરાતી સાહિત્યનું ઘણું ચિંતન રહ્યું હતું અને તેમના કલકત્તા રહ્યા દરમ્યાન તેઓ બંગાળી સાહિત્યનાં પરિચયમાં પણ આવ્યા હતાં. બગસરામાં સ્થાયી થયા બાદ તેમણે રાણપુરથી પ્રકાશિત થતાં 'સૌરાષ્ટ્ર' નામનાં છાપામાં લખવાની શરુઆત કરી હતી. આ સમય દરમ્યાન તેઓએ પોતાના સાહિત્યીક લખાણને ગંભીરતાપુર્વક લઈ 'કુરબાનીની કથાઓ' ની રચના કરી કે જે તેમની પહેલી પ્રકાશીત પુસ્તક પણ રહી. ત્યાર બાદ તેઓએ 'સૌરાષ્ટ્રની રસધાર' નું સંકલન કર્યું તથા બંગાળી સાહિત્યમાંથી ભાષાંતર કરવાની પણ શરુઆત કરી.કવિતા લેખનમાં તેમણે પગલાં 'વેણીનાં ફુલ' નામનાં સવંત ૧૯૨૬માં માંડ્યા. સવંત ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં તેમનાં યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવ્યું હતું. તેમનાં સંગ્રામ ગીતોનાં સંગ્રહ 'સિંધુડો' - એ ભારતનાં યુવાનોને પ્રેરીત કર્યા હતાં અને જેને કારણે સવંત ૧૯૩૦માં ઝવેરચંદને જેલ થઈ હતી. આ સમય દરમ્યાન તેમણે ગાંધીજીની રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ માટેની લંડન મુલાકાત ઉપર 'ઝેરનો કટોરો' કાવ્યની રચનાં કરી હતી. તેમણે 'વિરાટ', 'વિલાપી', 'શાણો', 'સાહિત્યયાત્રી' ઉપનામથી સાહિત્ય સર્જન કર્યું. તેમણે 'સૌરાષ્ટ્રની રસધારા', ' સોરઠી બહારવટિયા', ' સોરઠી સંતવાણી', 'દાદાજીની વાતો' વગેરે લોક્વાર્તાના સંપાદનો તથા ' ચુંદડી' , 'કંકાવટી',' રઢીયાળી રાત', 'હાલરડાં' અને 'ઋતુગીતો' તેમના કાવ્યસંગ્રહો છે. ગાંધીયુગ અને સ્વતંત્રતા સંગ્રામને ઝીલતા ' યુગવંદના',' સિંધુડો' જેવા કાવ્યસંગ્રહો આપ્યા છે. આ ઉપરાંત તેમણે ' સોરઠ તારા વહેતા પાણી', ' સમરાંગણ',' તુલસીક્યારો',' વેવિશાળ' અને ' નિરંજન' સામાજિક નવલકથાઓ પણ આપી છે. ' માણસાઈના દીવા' રવિશંકર મહારાજના જીવનની ઘટનાઓ રજુ કરતી કૃતિ છે.

ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર'ના બિરુદથી નવાજ્યા હતાં. તેમણે ફુલછાબ નામનાં છાપામાં લઘુકથાઓ લખવાનું પણ ચાલુ કર્યું હતું. સવંત ૧૯૩૩માં તેમનાં પત્નીનાં દેહાંત બાદ તેઓ ૧૯૩૪માં મુંબઈ સ્થાયી થયા. અહીં તેમનાં લગ્ન ચિત્રદેવી સાથે થયા. તેમણે જન્મભૂમિ નામનાં છાપામાં 'કલમ અને કીતાબ' નાં નામે લેખ લખવાની તેમજ સ્વતંત્ર નવલકથાઓ લખવાની શરુઆત કરી. સવંત ૧૯૩૬ થી ૧૯૪૫ સુધી તેઓએ ફુલછાબનાં સંપાદકની ભુમીકા ભજવી જે દરમ્યાન ૧૯૪૨માં 'મરેલાનાં રુધીર' નામની પોતાની પુસ્તીકા પ્રકાશિત કરી. સવંત ૧૯૪૬માં તેમની પુસ્તક 'માણસાઈનાં દીવા' ને મહીડાં પારિતોષિકથી સન્માનવામાં આવ્યું હતું અને તે જ વર્ષે તેમને ગુજરાતી સાહિત્ય પરિષદનાં સાહિત્ય વિભાગનાં વડા તરીકે નીમવામાં આવેલાં.૯મી માર્ચ ૧૯૪૭નાં દિવસે, ૫૦ વર્ષની ઉંમરે, હ્રદય રોગના હુમલામાં તેમના બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમણે ચિરવિદાય લીધી.

## ડૉ. જીવરાજ મહેતા



ગુજરાતના પ્રથમ મુખ્યમંત્રી ડૉ. જીવરાજ મહેતાનો જન્મ તા. ૨૯/૮/૨૦૧૬ના રોજ સૌરાષ્ટ્રમાં આવેલા અમરેલીમાં થયો હતો. પિતાનું નામ નારાયણભાઈ અને માતાનું નામ જનકબા હતું. ડૉ. જીવરાજ મહેતાએ દેશની અને પરદેશની ઉચ્ચ પદવીઓ મેળવી હતી. લંડન નિવાસ દરમિયાન તેમણે ' લંડન ઇન્ડિયન એસોસિયેશન' સંસ્થાની સ્થાપના કરી હતી. ઈ.સ. ૧૯૨૧ થી ૧૯૩૦ સુધી ગુજરાત, મુંબઈ અને ભારતના અનેક જાહેર સંસ્થાઓમાં અને સમિતિઓમાં અધ્યક્ષપદે રહીને મહત્વની કામગીરી કરી હતી. ઈ.સ. ૧૯૨૧માં વડોદરા રાજયના ચીફ મેડીકલ ઓફિસર તરીકે જોડાયા હતા. ઈ.સ. ૧૯૪૬માં તેઓ કોંગ્રેસ ના ઉમેદવાર તરીકે મુંબઈ ધારાસભાના સભ્ય બન્યા. ઈ.સ. ૧૯૩૦માં ગાંધીજીના નેતૃત્વ હેઠળ સ્વાતંત્ર્યસંગ્રામ ખેડાયો ત્યારે મુંબઈ શહેર સંગ્રામ સમિતિની ઉચ્ચ ભીતરી સમિતિના તેઓ સભ્ય હતા અને લડતના સંચાલનમાં મહત્વનો ફાળો આપ્યો હતો. ગાંધીજીને પણ તેમણે તબીબી સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૪૨માં ' હિંદ છોડો' આંદોલનમાં પણ તેમણે બીજી વાર જેલવાસ ભોગવ્યો. મહારાજા સયાજીરાવને પણ તેમની ઉચ્ચ બુદ્ધિશક્તિનો લાભ લીધો હતો. ઈ.સ. ૧૯૪૬ થી ૧૯૪૮ સુધી તેઓ મુંબઈ ધારાસભાના સભ્ય રહ્યા હતા. ઈ.સ. ૧૯૪૯ થી ૧૯૫૦ સુધી મુંબઈ રાજ્યના પ્રધાનમંડળમાં સેવાઓ આપી હતી. ઈ.સ. ૧૯૫૨ થી ૧૯૬૦ સુધી તેઓ નાણાંપ્રધાન રહ્યા હતા.

ઈ.સ. ૧૯૬૦માં પહેલી મે ગુજરાતનું અલગ રાજ્ય થયું ત્યારે તેઓ ગુજરાત રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી બન્યા. ગુજરાતના પ્રશ્નો ઊંડો અભ્યાસ કરી વિવિધ પ્રશ્નો એક પછી એક હલ કર્યા. નવા રાજ્યની નવી રાજધાની ક્યાં રાખવી એ અંગે લાંબી મંત્રણા પછી ગાંધીનગર રાખવાનું નક્કી કરવામાં આવ્યું. તેમણે ૧૯૬૦માં ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપનીની રચના કરી. વડોદરામાં પ્રેટ્રોકેમિકલ્સ ઉદ્યોગની સ્થાપના કરી. અમદાવાદમાં

gnanbhandar.com

એશિયાની પ્રખ્યાત સિવિલ હોસ્પીટલનું બાંધકામ કરાવ્યું. આ ઉપરાંત ગુજરાતમાં ખાદી અને ગ્રામોધ્ધાર બોર્ડની રચના કરવામાં આવી. ગુજરાતમાં દારૂબંધી દાખલ કરી.તેઓ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તેઓ બીજી વાર ચૂંટાઈ આવ્યા. તેમણે નિષ્ઠા અને પ્રામાણિકતાથી રાજ્યથી અને દેશની સેવા કરી. સાદગીભર્યા અને કુશળ મુખ્યમંત્રી તરીકે તેઓ લોકપ્રિય થયા. પૂર્ણ દીર્ઘ આયુષ્ય ભોગવી તેઓ ૯૧ વર્ષે ૧૯૭૮માં અવસાન થયું. અમદાવાદ ખાતે તેમનું કાયમી સંભારણું બની રહે તે માટે જીવરાજ મહેતા હોસ્પિટલ શરૂ કરી છે. ગાંધીનગરમાં માહિતી ખાતાના એક સંકુલનું નામ તેમની સ્મૃતિમાં રાખવામાં આવ્યું છે.

## અમૃતા પ્રીતમ



પ્રથમ પંજાબી અગ્રણી મહિલા કવિયત્રી, નવલકથાકાર અને નિબંધકાર અમૃતા પ્રીતમ નો જન્મ તા. ૩૧/૮/૧૯૧૯ના રોજ ગુજરાવાલા ( હાલમાં પાકિસ્તાન)માં થયો હતો. પિતાનું નામ કરતારસિંહ હતું. દસ વર્ષની વયે તેમના માતા મૃત્યુ પામ્યા એટલે લખવા લાગ્યા. સોળ વર્ષની વયે તેમના લગ્ન થયેલા. પરણવાની અનિચ્છા હોવા છતાયે પિતાજીની મરજી ખાતર લગ્ન કર્યું. લગ્નબાદ એક પુત્ર અને પુત્રીના માતા બન્યા. પરંતુ પતિના સ્વભાવ સાથે મનમેળ ન થતાં બંને જાતે જ છુટા થવાનું મુનાસીબ માન્યું. આઝાદી વખતે તેઓ લાહોર રહેતા હતા કે જ્યાં તેમનું બચપણ અને શિક્ષણ પૂરૂં કર્યું. ઈ.સ. ૧૯૪૭માં ભારત- પાકિસ્તાન ભાગલા પડતાં તેઓ બેચેન બન્યા અને પ્રથમ દેહરાદૂન અને ત્યારબાદ દિલ્હી આવીને રહ્યા. આવી ઘટનાથી દ્રવિત થઇ ઈ.સ. ૧૯૪૭માં એક કવિતા લખી જે વારીશ શાહને ઉદ્દેશીને લખાઈ છે. તેમની કવિતા એ સમયે કોઈક રીતે પાકિસ્તાન પન્હોચ ગઈ અને તેને વાંચીને એ સમયના નાગરીકો રડી પડ્યા આજે પણ આ કવિતા વારીસ શાહની દરગાહ પર દર વર્ષે ભરતા ઉર્સમાં ગવાય છે. ભારત- પાકિસ્તાન ભાગલા બાદ તેઓ ભારત આવ્યા અને દિલ્હીના ઓળ ઇન્ડીયા રેડિયો સ્ટેશન પર ઉદ્દઘોષિકા તરીકેની નોકરી સ્વીકારી અને વર્ષો સુધી તે પદ પર રહ્યા. તેઓ ચાલીસમાં વર્ષે ચિત્રકાર ઈમરોઝ સાથે લગ્નગ્રંથી જોડાયા.

અમૃતાજી કુલ ૧૦૦ પુસ્તકો લખ્યા છે. તેમાં ૨૫ નવલકથા, ૧૫ ટૂંકીવાર્તાના સંગ્રહો અને ૨૩ અન્ય ગ્રંથો , કાવ્યસંગ્રહો અને અનુવાદો વગેરેનો સમાવેશ થાય છે. ઈ.સ. ૧૯૫૬માં તેમના કાવ્યસંગ્રહ ‘ સુનહરે’ ને સાહિત્ય અકાદમી પુરસ્કાર એનાયત થયેલ છે. આ સ્હીત્ય અકાદમી પુરસ્કાર મેળવનાર દેશમાં સૌપ્રથમ મહિલા છે.  આ ઉપરાંત ભારત સરકારે ઈ.સ. ૧૯૬૯માં પદ્મશ્રી એનાયત થયેલ છે. ઈ.સ. ૧૯૮૨માં ‘ કાગઝ કે કેનવાસ’ માટે જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો, જે પંજાબી સાહિત્યના મળેલો પ્રથમ જ્ઞાનપીઠ પુરસ્કાર છે. તેમણે ગદ્ય લેખનની શરૂઆત તેમણે ઈ.સ. ૧૯૪૯માં ‘ ડૉ. દેવ’ નવલકથાથી કરી હતી.  અમૃતાજીની આત્મકથા ‘ રેવન્યુ સ્ટેમ્પ’ ભારતની શ્રેષ્ઠ આત્મકથાઓમાંની એક છે. તેમણે ઈ.સ. ૧૯૩૭માં’ નવીન દુનિયા’ સામયિક પણ શરૂ કર્યું. ઈ.સ. ૧૯૮૬માં રાજ્યસભાના સભ્ય બન્યા હતા. પાંચ યુનિવર્સિટીએ ડી. લીટ.ની પદવી આપી હતી.

અમૃતા પંજાબ રત્ન પુરસ્કાર મેળવનાર પ્રથમ વ્યક્તિ છે જે પુરસ્કાર તેમને પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિન્દરસિંહના હસ્તે અપાયો હતો.આ ઉપરાંત તેમને અનેક પારિતોષિક તથા એવોર્ડ મળેલ હતા. ૩૧ ઓક્ટોમ્બર ૨૦૦૫ના રોજ તેમનું દિલ્હીમાં લાંબી બીમારી બાદ 86 વર્ષની વયે તેમનું ઊંઘમાં જ અવસાન થયું.

## ડૉ. એચ.એલ. ત્રિવેદી

વિશ્વભરમાં તબીબી ક્ષેત્રે માનવ કિડની ટ્રાન્સપાલન્ટ માટે ભીષ્મ પિતામહ તરીકે જાણીતા ડૉક્ટર હરગોવિંદ લક્ષ્મીશંકર ત્રિવેદી (ડૉ. એચ.એલ. ત્રિવેદી)નો જન્મ ૩૧ ઓગસ્ટ ૧૯૩૨ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના હળવદ તાલુકાનાં ચરાડવા ગામમાં થયો હતો. પિતાનું નામ લક્ષ્મીશંકર ત્રિવેદી અને માતાનું નામ શારદાબેન હતું. પ્રાથમિક શિક્ષણ વાંકાનેરના લૂણસરમાં લીધું. ઇ.સ. ૧૯૫૩માં પ્રિ. મેડિકલ ધર્મેન્દ્રસિંહજી કોલેજ રાજકોટ ખાતે અભ્યાસ કર્યો. ત્યારબાદ ૧૯૬૩માં બી.જે. મેડિકલ કોલેજ અમદાવાદમાં એમ.બી.બી.એસ અભ્યાસ કરી અમેરીકામાં નેફ્રોલોજિસ્ટ બન્યા. ૧૯૬૩ થી ૧૯૬૯ દરમિયાન વિદેશોમાં વિવિધ તબીબી અભ્યાસ કર્યો. ૧૯૬૦ થી ૧૯૬૨માં બી.જે. મેડિકલ કોલેજમાં અધ્યાપક તરીકે જોડાયા હતા. ૧૯૭૦ થી ૧૯૭૭માં મેકમાસ્ટર યુનિવર્સિટી, કેનેડા ખાતે અધ્યાપક અને સંચાલક રહ્યા હતા. ૧૯૮૧માં કિડની દર્દીઓને નવજીવન આપવા ડૉક્. એચ.એલ.ત્રિવેદીએ વિશ્વમાં સૌપ્રથમ અને એકમાત્ર અમદાવાદ સિવિલ હોસ્પીટલમાં કિડની યુનિવર્સિટીની સ્થાપના કરી. ૧૯૮૧થી ઇન્સ્ટિટયૂટ ઓફ કિડની ડીસીઝ એન્ડ રિસર્ચ અમદાવાદ ખાતે અધ્યાપક અને સંચાલક તરીકે સેવા આપી. તેમના માર્ગદર્શન હેઠળ ૫૦૦૦ કિડની ટ્રાન્સપ્લાન્ટનો રેકોર્ડ પણ નોંધાવ્યો છે. વિશ્વ કિડની દિવસે ૫૦૦૦૦ નાગરિકોની નિશૂલ્ક તપાસનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. તેમની આત્મકથા 'Tryst with Destiny"નો અનુવાદ ડૉક્ટર શરદ ઠાકરે ગુજરાતીમાં " પુરૂષાર્થ પોતાનો : પ્રસાદ પ્રભુનો" પુસ્તક લખીને કર્યો છે. બીજી ઓક્ટોબર ૨૦૧૯ના રોજ ૮૭ વર્ષની વયે અમદાવાદ ખાતે તેમનું અવસાન થયું.

gnanbhandar.com